॥ હરિઃૐ ॥
Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 5 • Issue : 1 • 5th July, 2022 • Price : Rs. 10

## પૂજ્ય શ્રીમોટાનું પ્રથમ મિલન



## ગુરુપૂર્ણિમા

હરિઃૐ

ગુરુદેવ મૂર્તિ પ્રેમની ને કર્મ ભક્તિ ભાવના !
વૈરાગ્યની વહેતી હદે શી ગંગધારા નિર્મળા !
નિર્ગુણ નિરંજન નાથની પ્રેમે કરું પદ-અર્ચના !
ને આરતી હૃદયે કરું પ્રગટાવી દીપક પ્રેમના !

— સરોજબેન કાંટાવાળા


# હરિઃૐ આશ્રમ, નડીઆદ



આગળની બાજુ
(Front Side)




પાછળની બાજુ
(Back Side)




પૂજ્ય શ્રીમોટાનો ૧૨૫મા વર્ષનો પ્રાગટ્ય દિન (જન્મ દિવસ) ઉત્સવ તા. ૧૮-૦૯-૨૦૨૨ ને રવિવારના રોજ ઉજવવામાં આવશે. જેની યાદગીરીરૂપે હરિઃૐ આશ્રમ, નડીઆદ દ્વારા પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા વર્ષના સ્મૃતિ ચિહ્‌ન (સંભારણા) તરીકે ૨૦ ગ્રામ ચાંદીનો સિક્કો બહાર પાડવામાં આવનાર છે, જેની અંદાજીત પડતર કિંમત ચૌદસો થી પંદરસો રૂપિયા થશે. જે સ્વજનો પૂજ્ય શ્રીમોટાના ૧૨૫માં વર્ષની યાદગીરી જાળવવા ઇચ્છતા હોય તે સર્વે સ્વજનોને પોતાનું નામ, સરનામું, ટેલિફોન નંબર સહિત નીચેના સ્થળે નોંધણી કરાવવી, જેથી ચાંદીના સિક્કાની સંખ્યા નક્કી કરી શકાય.

| | | | |
|---|---|---|---|
| (૧) | હરિઃૐ આશ્રમ, નડીઆદ | - શ્રી મંગેશભાઈ (જોગેષભાઈ) | ૯૮૨૫૦૮૩૦૮૦ |
| | | - શ્રી પરેશભાઈ શાહ | ૯૪૦૮૯૨૦૭૫૭ |
| (૨) | હરિઃૐ આશ્રમ, સુરત | | ૯૭૨૭૭ ૩૩૪૦૦ |
| (૩) | હરિઃૐ નામસ્મરણ મંદિર, નરોડા | - શ્રી સૂરેશભાઈ વોરા | ૯૪૨૭૫ ૫૪૩૯૧ |

નોંધણી કરાવેલ સ્વજનોને ચાંદીનો સિક્કો નરોડા (અમદાવાદ) ખાતે તા. ૧૮-૦૯-૨૦૨૨ના દિવસે પડતર કિંમતે આપવામાં આવશે. સુરત બાજુના સ્વજનોને હરિઃૐ આશ્રમ, સુરત તેમજ નડીઆદ/વડોદરાની આજુબાજુના સ્વજનોને હરિઃૐ આશ્રમ, નડીઆદ ખાતેથી ડિલીવરી આપવામાં આવશે.

હરિઃૐ આશ્રમ,
નડીઆદ

હરિ:ૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિ:ૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

વર્ષ-૫, અંક-૧ માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ જુલાઈ-ઓગસ્ટ, ૨૦૨૨

## 'જીવ'ની ગતિ

**સ્વજન :** મોટા, શરીર છૂટ્યા પછી 'જીવ'ની ગતિની બાબતમાં કાંઈક કહો એવી અમારી વિનંતી છે.

**શ્રીમોટા :** 'જીવ'ના અવસાન પછી થતી ગતિ સાબિત કરી શકાય એવી નથી, પણ આ વાત સાચી છે. તેર દિવસ વાતાવરણમાં એ 'જીવ' રહે છે. અનંત જન્મોનો એને અભ્યાસ છે. એ અભ્યાસને લીધે એનામાં શક્તિ હોય છે. આ 'જીવ' છે તે આપણી સાથે કેટલાંય વર્ષો રહ્યો, ને આપણી સાથે જે માયા-મમતા બંધાઈ છે તે એકદમ જતી નથી રહેતી. એક વર્ષ સુધી તો એનો સંબંધ રહે છે પૃથ્વી પર પહેલે મહિનેથી બીજે મહિને ઓછો. બીજે મહિનેથી ત્રીજે મહિને ઓછો. આપણામાં વર્ષી વારવાનો રિવાજ છે, અને તેરમા દિવસે પિંડ વહેરે છે-જો તમને બધાને યાદ હોય તો. એ પિંડ વહેરવાનો અર્થ એ જ છે, કે હવે અહીંથી આપણા વાતાવરણમાંથી જીવનું અલગ થવાપણું બને છે; એટલે એ હકીકત તદ્દન સાચી છે. પુરવાર થઈ શકે એવી નથી, પણ મારા અનુભવથી હું કહું છું કે આ હકીકત તદ્દન સાચી છે. માટે કોઈ આ બાબતમાં-શરીર અંગે મેં નક્કી કર્યું હોય એ બાબતમાં-કે એને આવી રીતે ઉપયોગ કરવાની બાબતમાં કોઈ અનુકરણ કરશો નહિ. બાકી જેને જેમ કરવું હોય એમ કરવાની છૂટ છે.

*('ધર્મ અને સમાજ' દ્વિ.આ., પૃ. ૧)* *પૂજ્ય શ્રીમોટા*

**હરિ:ૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT કે IMPS મારફત નાણાં મોકલી શકાશે.

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ**

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

આશ્રમને ઑનલાઇન પેમેન્ટ કર્યા પછી તેની જાણ વ્હોટ્સએપ મેસેજથી નીચે જણાવેલ વ્હોટ્સએપ નંબર પર પૈસા મોકલનાર સ્વજનનું નામ, સરનામું (પીનકોડ સહિત), **મોબાઈલ નંબર, પાનકાર્ડ તેમજ આધારકાર્ડ નંબર** પણ અચૂક દર્શાવશો કે જેથી મળેલ નાણાની પહોંચ ત્વરીત પાઠવી શકાય.

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિ:ૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

**(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.) (પાન કાર્ડ નંબર અવશ્ય લખવો.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**'હરિ:ૐ આશ્રમ, નડિયાદ'ને એપ્રિલ-મે ૨૦૨૨ દરમિયાન રૂા. ૧૮,૭૦,૦૦૧/- દાન પેટે મળેલ છે.**
**શ્રીહરિ મોટા સૌનું યશ-કલ્યાણ પ્રેરે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.**

www.hariomashram.in
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
પત્રવ્યવહાર/સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે વોટ્સએપ નંબર ઉપર અથવા હરિ:ૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ**
**સંપર્ક : મો. ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**વોટ્સએપ નં. : ૯૪૦૮૯ ૨૦૭૫૭**

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતીને યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.

**પ્રકાશન સ્થળ** : હરિ:ૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ગુરુના સાન્નિધ્યમાં ગુરુપૂર્ણિમા | કાન્તિભાઈ કાંટાવાળા | ૫ |
| ૨. | દેહત્યાગનો નિર્ણય | ઈંદુકુમાર દેસાઈ | ૬ |
| ૩. | પૂ. શ્રીમોટા - ગુરુના પણ ગુરુ | ડૉ. ગૌતમ પટેલ | ૧૦ |
| ૪. | મોટાની મહત્તાના પ્રસંગો | શ્રીમોટા | ૧૨ |
| ૫. | પ્રભુને પળેપળનો સાથી કરો | શ્રીમોટા | ૯ |
| ૬. | અનુભવીના શરીરનાં આંદોલનો આપણા અણુએ અણુમાં પ્રસરે છે. | શ્રીમોટા | ૧૪ |
| ૭. | પત્ની સાથેનો વ્યવહાર | શ્રીમોટા | ૧૬ |
| ૮. | પૂજ્ય શ્રીમોટાનાં ૧૨૪મા અવતરણદિનનું સંબોધન | રાજેશ વ્યાસ (મિસ્કીન) | ૧૭ |
| ૯. | મંત્રથી પ્રજોત્પત્તિ | શ્રીમોટા | ૨૧ |
| ૧૦. | આવેગો કેમ જિતાય | શ્રીમોટા | ૨૩ |
| ૧૧. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય ભટ્ટ | ૨૪ |


## હરિ:ૐ આશ્રમ, નડિયાદ

**૧૩-૭-૨૦૨૨ બુધવાર** — **ગુરુપૂર્ણિમા ઊજવણી**
**સવારે ૭-૩૦ થી સાંજના ૪-૦૦ કલાક સુધી**

**વિગતવાર કાર્યક્રમ ટાઈટલ પેજ નં. ૩ ઉપર આપવામાં આવેલ છે.**

**૨૩-૭-૨૦૨૨ શનિવાર** — **પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ દિન**

**- ટ્રસ્ટીગણ, હરિ:ૐ આશ્રમ, નડિયાદ**

# ૧. ગુરુના સાન્નિધ્યમાં ગુરુપૂર્ણિમા

- કાન્તિભાઈ કાંટાવાળા

ગુજરાતથી ઘણે જ દૂર ત્રિચિનાપલ્લીમાં સ્વ. ગોપાલદાસ પરિવારના સ્વજનો પૂજ્ય શ્રીમોટાના સાન્નિધ્યમાં ગુરુપૂર્ણિમા ઊજવે છે. આજ તો પૂજ્ય શ્રીમોટાના સ્વજનોની સંખ્યા ઘણી જ વધેલી છે. સૌ કોઈ સ્વજનને એક યા બીજા પ્રકારે પૂજ્ય શ્રીમોટા પરત્વે ભાવ રહેલો છે. આવા શુભ દિવસે પૂજ્ય શ્રીમોટાનું સ્મરણ થાય એ સ્વાભાવિક છે. એ સ્મરણ પૂજ્ય શ્રીમોટાના લોકકલ્યાણનાં કાર્યોને લીધે હોય, તેઓશ્રીના પ્રેમભર્યા અભિગમને લીધે હોય, પણ એ સ્મરણ અત્યંત મધુર હોય છે. ગુરુપૂર્ણિમાએ પૂજ્ય શ્રીમોટાનું સવિશેષપણે સ્મરણ થાય. પણ **પૂજ્ય શ્રીમોટા પરંપરિત અર્થમાં ગુરુપૂજા કે ગુરુવંદનને સ્વીકારતા નથી.** વળી એમનું સ્મરણ કરીને કે 'એમના પરત્વે સ્નેહાદરનો ભાવ છે' એમ કહીને સ્વજન જો નિષ્ક્રિય રહે તો પૂજ્ય શ્રીમોટાને એ પસંદ નથી. માટે **પૂજ્ય શ્રીમોટાના દિલનો રાજીપો મેળવવા માટે સ્વજનોએ પોતાના જીવનવિકાસનું સરવૈયું કાઢવું જોઈએ. તો જ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનું સ્વજનનું વલણ યથાર્થ છે, એમ પૂજ્ય શ્રીમોટા પોતે પણ કહે છે.**

પણ આપણે-સ્વજનો માટે આ જીવનવિકાસનું કાર્ય દુષ્કર છે. તેમ છતાં પ્રયત્ન કર્યા વગર બેસી રહેવું યોગ્ય ન ગણાય. **પૂજ્ય શ્રીમોટા પ્રત્યેકના દિલમાં છુપાઈને પડેલી ગુરુશક્તિનો વિકાસ કરાવવા તત્પર જ છે. માત્ર સ્વજને એ કાજે જાગ્રત થઈને, મથીને, મંડ્યા રહેવાનું હોય છે.** પૂજ્ય શ્રીમોટા સમાજ માટે વારંવાર કહે છે : 'મારે સમાજને બેઠો કરવો છે.' એમાં એમનું જીવનજાગૃતિનું ધ્યેય છુપાયેલું છે. જીવન પ્રત્યે સ્વજન જાગ્રત થાય, જીવનના હેતુ પ્રત્યે એ સભાન બને અને એમાં વિકસવા માટે એ સતત પ્રયત્નશીલ રહે એવાં જ કાર્યો પૂજ્ય શ્રીમોટા દ્વારા યોજાય છે. સમાજની શક્ય તેટલી વ્યાપકતાને સ્પર્શે એવી એમની ગુણ અને ભાવ વિકસાવનારી યોજનાઓમાં પણ એકાંગી દૃષ્ટિ નથી, પણ શક્ય તેટલા જનસમૂહને સ્પર્શે એવી સમદૃષ્ટિ છે. અને આવા વ્યાપક કાર્યપ્રદેશ માટે કર્મ કરવા પૂજ્ય શ્રીમોટા પ્રેરે છે. અને એ કાર્યમાં આપણને પ્રવેશાવીને, આપણને જીવન પ્રત્યે જાગ્રત કરે છે. સ્વજનના દિલમાં પ્રવેશીને અને એના દિલમાં ભાવ જગાડીને પૂજ્ય શ્રીમોટા જે સૂક્ષ્મકાર્ય કરે છે એ અનુભવનો વિષય હોવાથી એનો હું ઉલ્લેખ જ માત્ર કરીશ. પણ પૂજ્ય શ્રીમોટા એમના આ mission દ્વારા સ્વજનોમાં પરમાર્થ પ્રેરીને એક લાક્ષણિક પ્રકારની સ્મરણસાધના કરાવે છે.

આપણે સંસારી સ્વજનો પૂજ્ય શ્રીમોટાએ પ્રેરેલાં અને પ્રયોજેલાં કાર્યોમાં એક યા બીજી રીતે સક્રિય બનીએ છીએ. અને એ રીતે આપણે એમનું સ્મરણ પણ કરીએ છીએ. પણ પૂજ્ય શ્રીમોટાની કળા ન્યારી છે. પ્રત્યેક સ્વજનની પ્રકૃતિને અનુરૂપ કર્મમાં એને પ્રેમપૂર્વક જોતરીને, એની નિમ્ન કક્ષાએથી એને જાગ્રત કરીને ઊંચે લાવવા મથાવે છે. આ મથામણમાં આપણો સ્વભાવ, પૂજ્ય શ્રીમોટાના પ્રેમભાવ સાથે ક્વચિત મીઠો સંગ્રામ પણ ખેલી લે છે ખરો. પણ એમાં પૂજ્ય શ્રીમોટાના પરમપ્રેમનો જ વિજય થવાનો છે એવી શ્રદ્ધા સાથે જો લડી લેવાય તો જીવનનો વિકાસ અનુભવાય છે. પૂજ્ય શ્રીમોટા સ્વજનને શરીરની સેવામાં સાથે રાખે કે હિસાબી-વહીવટીકાર્યમાં નિરંતર રખાવ્યા કરે કે પછી ગુરુપ્રેરિત સમાજોત્થાનની પ્રવૃત્તિ માટે ફાળો ઉઘરાવી આપવા માટે વારંવાર ટકોરીને પ્રેરે કે પછી એમના સાહિત્યના સંપાદન-લેખનનું કામ સોંપે-પણ એ જે કાંઈ કરવા પ્રેરે એની પાછળનો તેઓશ્રીનો હેતુ તો એ સ્વજનને એની જીવ કક્ષાએથી ઊંચકીને ઊર્ધ્વમાર્ગે લઈ જવાનો જ છે.

આજે **ગુરુપૂર્ણિમા**એ આવા જીવનવિકાસક હેતુસર એમનું સ્મરણ કરી આટલું ચિંતવન કરવાનું મન થયું. અને આ વિચારભાવને એક નમ્ર નિવેદનરૂપે એટલા માટે રજૂ કરું છું કે પૂજ્ય શ્રીમોટા સાથે આપણે સંબંધ બાંધવા નીકળેલા છીએ તો એના હેતુ પ્રત્યે આપણે સૌ વેળાસર જાગ્રત થઈ શકીએ. હાલ તો એમ સ્પષ્ટ અનુભવાય છે કે **પૂજ્ય શ્રીમોટાએ આપણી સાથે સંબંધ બાંધ્યો છે. પણ હજી આપણે એમની સાથેનો સંબંધ સાચા અર્થમાં કેળવી શક્યાં નથી.** આજનો દિવસ આપણી નબળાઈઓને તપાસીને એને દૂર કરવાના પુરુષાર્થ માટે સંકલ્પ કરવાનો છે અને વિકાસ પ્રત્યે આગળ વધાય એ માટે સક્રિય થયા કરવાનો છે.

પૂજ્ય શ્રીમોટાને આ શુભ દિવસે સ્મરીને એમના ચેતનાત્મક સાન્નિધ્યને આપણે સૌ અનુભવીએ અને એમના હેતુ સાર્થક કરવા મથીએ. આ દિવસે પ્રગટ થતી આ પુસ્તિકામાં પ્રગટ કરેલી છબીઓનો હેતુ પણ એમના પ્રત્યક્ષપણાને માણવાનો છે અને એની પાછળના હેતુને નાણવાનો છે. અનેક સ્વજનો સાથે પૂજ્યશ્રી જે પ્રેમદાન કરે છે તેની **'ચિત્રાંજલિ'** દ્વારા ઝાંખી થાય એવો નમ્ર પ્રયાસ છે.

ગુરુપૂર્ણિમાના શુભ દિને ભાવનાના પ્રતીક તરીકે આ પુસ્તિકા પૂજ્ય શ્રીમોટાને ચરણે સમર્પીને પ્રણામ કરું છું.

ગીતાંજલિ — કાન્તિભાઈ કાંટાવાળા
અમદાવાદ

*('ચિત્રાવલી'માંથી)*

## ૨. દેહત્યાગનો નિર્ણય - ઈંદુકુમાર દેસાઈ

સામાન્ય રીતે એકાદ અપવાદ સિવાય પૂજ્યશ્રી વર્ષોથી ગુરુપૂર્ણિમા સમયે દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ આશ્રમે રહેતા. ત્યાંનાં સ્વજનો ગુરુપૂર્ણિમા ત્યાં જ પૂજ્યશ્રીની હાજરીમાં ઊજવતાં, પરંતુ ૧૯૭૬ની જુલાઈ માસની ગુરુપૂર્ણિમા ઉપર પૂજ્યશ્રીએ કુંભકોણમ્ જવાનું બંધ રાખ્યું. ઘણા લાંબા સમયે ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રી સુરત આશ્રમે હોય એવો પ્રસંગ આવ્યો. એમણે તો ગુરુપૂર્ણિમાને દિવસે કોઈક અજ્ઞાત સ્થળે જવાનું વિચારી રાખેલું. આથી, ગુરુપૂર્ણિમા ઉપર આવતાં ઉત્સુક એવાં અનેક મુંબઈ-અમદાવાદનાં સ્વજનોને એમણે ના કહેવરાવેલી, પરંતુ સુરતનાં સ્વજનોએ પૂજ્યશ્રીને વિનંતી કરી કે 'ગુરુપૂર્ણિમાના શુભ દિવસે ઘણાં વર્ષો પછી આપ અહીં છો તો તમે તે દિવસે આશ્રમમાં જ રહો તો સારું.' પૂજ્યશ્રીએ તેમના સમાજોત્થાનનાં કાર્ય માટે સારી એવી રકમ મળતી હોય તો પોતે સવારના ૭-૩૦ વાગ્યા સુધી રોકાવાની સંમતિ આપી. સુરતનાં સ્વજનોએ બાવન હજાર રૂપિયા એમના ચરણે ધરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, તેને બદલે આવેલાં નાણાંની રકમ રૂ. ૮૫ હજાર થઈ.

### નિર્ણય ઠેલાયો

તે દિવસે ધોધમાર વરસાદ હતો. સુરત શહેરનો બધો જ વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. આવી પરિસ્થિતિમાં પણ અઢીસો-ત્રણસો સ્વજનો સવારના છ વાગ્યે સુરત આશ્રમે પૂજ્યશ્રીનાં દર્શનાર્થે હાજર હતાં. પ્રાર્થના થઈ. ગુરુવંદના માટે બધાં લાઈનમાં ઊભાં હતાં. ધોધમાર વરસાદમાં સાડા સાત વાગ્યે પૂજ્યશ્રીને મોટરમાં બેઠેલા જોતાં બધા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. એમણે તો નિશ્ચિત સમયે આશ્રમ છોડ્યો. તા. ૧૧ જુલાઈ ૧૯૭૬.

સુરત આશ્રમેથી નીકળ્યા બાદ કડોદરાને રસ્તે કોસંબાનો પુલ તૂટેલો હોવાથી એમને પાછા ફરવું પડ્યું. પાછા ફરતાં કડોદરાને બદલે ભૂલથી વરાછારોડ ઉપર આવી ગયા. વરાછારોડ અને સુરત વચ્ચેના ગરનાળાથી આગળ એક ગલીમાં થઈ

શહેરમાં પ્રવેશ કરવા જતાં કાદવ-કીચડવાળા પાણી ભરેલાં ખેતરમાં ગાડી ફસાઈ ગઈ. બધાંએ મદદ કરી અને મોટરને બહાર ખેંચી કાઢી. આખરે ચારેક કલાક બાદ સુરત આશ્રમે ૧૨ વાગ્યે પાછા આવ્યા. સુરત આશ્રમના પ્રમુખ શ્રી હસમુખભાઈ રેશમવાળાને પૂજ્યશ્રીએ કહી રાખ્યું હતું કે વડોદરાથી જો કોઈ પહેલી ટ્રક આવે તો રોડ ચાલુ થયાની જાણ અમને તરત કરજો. એવી ખબર મળ્યાથી બીજે દિવસે તા. ૧૨મી જુલાઈએ સવારે છ વાગ્યે સુરત આશ્રમેથી નીકળ્યા. વડોદરા શહેરમાંથી પાણી હજુ ઓસર્યાં ન હતાં. પોલીસ કોઈ પણ વાહનને આગળ જવા દેતી ન હતી, પરંતુ વડોદરાના માજી મેયર શ્રી લલિતભાઈએ પૂજ્ય શ્રીમોટાને ગાડીમાં જોયા અને આગળ જવા દેવાની વ્યવસ્થા કરી, પરંતુ છાણી આગળ ખૂબ પાણી ભરાયેલાં હોઈને એ રસ્તો બંધ હોવાથી પૂજયશ્રીએ ગાડી પોતાના સ્વજન એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનને ત્યાં લેવડાવી. શ્રી રમણભાઈ અમીનને ત્યાં અર્ધો કલાક રોકાઈને એમના પુત્ર શ્રી ચિરાયુભાઈને રસ્તો બતાવવા પાઈલટ કાર તરીકે આગળ રાખ્યા અને પાછળના રિફાઈનરીવાળા રસ્તે ફર્ટિલાઈઝર પાસે હાઈવે ઉપર નીકળ્યા. આગલે દિવસે શ્રી રામભાઈને આવવાનું કહેલું એટલે તેમને ત્યાંથી ડૉ. કાંતાબહેન તથા શ્રી રામભાઈને નડિયાદ આશ્રમે સેવામાં રાખવા સાથે લઈને સાંજે સાત વાગ્યે આશ્રમે આવ્યા. સવારના છ વાગ્યાના નીકળેલા સાંજે સાત વાગ્યે આશ્રમે પહોંચવાથી આખા દિવસના પ્રવાસનો ભારે શ્રમ પૂજ્યશ્રીને અનુભવવો પડ્યો અને પછીના બેત્રણ દિવસ સુધી એમની સુખાકારીને એ બાધક નીવડ્યો.

## તબિયત કથળી

આવી નાદુરસ્ત તબિયત હોવા છતાં તા. ૧૩-૧૪-૧૫મી જુલાઈએ તો પૂજ્ય શ્રીમોટાએ આશ્રમમાં નિયમિત આવનાર સ્વજનોને મળવા પણ દીધાં. તા. ૧૬મી જુલાઈએ પ્રોસ્ટેટનું દર્દ વધુ ઉગ્ર બન્યું. ૩૬ કલાક સુધી પેશાબ ન થયો. આથી, પૂજ્યશ્રીની 'ના' હોવા છતાં ડૉ. કાંતાબહેને પોતે ડૉક્ટર હોવાથી પોતાની જવાબબદારી સમજી નડિયાદના પ્રખ્યાત યુરોલૉજિસ્ટ ડૉ. વીરેન્દ્રભાઈ દેસાઈને બોલાવવાનું નક્કી કર્યું. કામ વસમું હતું. તે દિવસે શેઢી નદીમાં ભારે પૂર હતું. મુખ્ય રસ્તાને જોડતા આશ્રમના રસ્તા ઉપર પણ એક માથોડું પાણી હતું. આખરે આશ્રમના પાછળના રસ્તે ઢીંચણસમા પાણીમાં કાદવ ખૂંદતા કેટલીય વારે ડૉ. કાંતાબહેન મુખ્ય રસ્તા ઉપર પહોંચ્યા. ત્યાં આશ્રમના દરરોજના મુલાકાતી સ્વજન શ્રી વિષ્ણુભાઈ પટેલ મોટર લઈને જતા હતા. ડૉ. કાંતાબહેન, વિષ્ણુભાઈની મોટરમાં ડૉ. વીરેન્દ્રભાઈ પાસે પહોંચ્યાં. પાછળને રસ્તે ઢીંચણસમા કાદવ-કીચડ અને પાણીમાં ખૂંદતાં ડૉ. વીરેન્દ્રભાઈ આશ્રમમાં આવ્યા. એમણે કૅથેટર મૂક્યું અને થોડોક પેશાબ કરાવ્યો. બીજે દિવસે તા. ૧૮મીએ પણ ડૉ. વીરેન્દ્રભાઈ આવ્યા. ત્યાં સુધીમાં કૅથેટર દ્વારા ૨ાા-૩ લિટર જેટલો પેશાબ એકત્રિત થયો હતો. ત્યાર બાદ પૂજ્યશ્રી હળવા થયા. એમના શરીર ઉપરના સોજા ઓછા થઈ ગયા.

## દેહત્યાગની પૂર્વે

૧૯મી જુલાઈએ પૂજ્યશ્રીએ આશ્રમનો લેટરહેડ માગ્યો અને શ્રીનંદુભાઈને બોલાવ્યા અને તેમની હાજરીમાં સવારે ૧૦-૩૦ વાગ્યે એક પત્ર લખ્યો અને એમના ચશ્માઘરમાં મૂક્યો. તા. ૨૦-૨૧મીએ સવારે આશ્રમે આવનાર તમામને ૧૦-૧૦ મિનિટ મળવાની છૂટ અપાઈ. તા. ૨૧મીએ સાંજે પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ આશ્રમમાં પૈડાંખુરશી (Wheel chair)માં પોતાને ફેરવવા માટે રાજુભાઈને કહ્યું, ફરતાં ફરતાં સૂચના આપી કે 'આ નાહવાનું ટબ જેનું છે તેને તું પહોંચાડી દેજે.' ત્યારે રાજુભાઈએ કહ્યું, 'મોટા' ! 'આપણે પાછા આવીએ ત્યારે જોઈશેને ?' ત્યારે વાતને વાળી લેતાં પૂજ્યશ્રીએ જવાબ આપ્યો, 'ત્યારે પાછું મંગાવી લઈશું.'

તા. ૨૨મી જુલાઈએ સમયપત્રક મુજબ ફાજલપુર જવાનું હતું. વહેલી સવારના ૨-૨ાા વાગ્યાથી પૂજ્ય શ્રીમોટાએ ડૉ. કાંતાબહેનને ઉઠાડવા માંડ્યા. પોતે ઉતાવળ કરાવીને તૈયાર થઈ ગયા. અને બીજાં બધાંને ઉતાવળ કરાવીને પાંચ વાગ્યે નીકળ્યા. તે સમયે ધોધમાર વરસાદ વરસતો હતો. એટલે ચાર ખૂણે ચાર જણે તાડપત્રી ધરીને એમને ગાડીમાં બેસાડ્યા. સાથે શ્રી રામભાઈ અને શ્રી નંદુભાઈ હતા. રાજુભાઈ, ડૉ. કાંતાબહેનની ફિયાટ ગાડીમાં હતાં. ડૉ. કાંતાબહેનની ગાડી પાઈલટ કાર તરીકે આગળ જતી હતી. રોડ ઉપર જેવા ચડ્યા કે આશ્રમની તમામ લાઈટ બંધ થઈ ગઈ. ગ્રીડમાંથી સીધી લાઈન મળેલી હોવાથી આવું બંધ થઈ જવું શક્ય ન હતું. આથી, આશ્રમ-વાસીઓને કશાંક અઘટિતનાં એંધાણ વર્તાયાં. મહાગુજરાત હૉસ્પિટલ આગળ અને કૉલેજ રોડ ઉપર પાણી હોવાને કારણે સંતરામ - વિઠ્ઠલ કન્યા વિદ્યાલયને રસ્તે જે ફાટક આવે છે ત્યાંથી બહાર જતાં હાઈવે ઉપર નીકળ્યાં. કેટલીક જગ્યાએ ઘણાં પાણી હતાં. ડૉ. કાંતાબહેનની ફિયાટ ગાડી એ પાણીમાંથી કેવી રીતે હેમખેમ નીકળી તેનું આશ્ચર્ય હજી પણ ડૉ. કાંતાબહેન અનુભવે છે. રસ્તે કારમાં પૂજ્યશ્રી મોટાએ દેહ છોડવા અંગે શ્રી રમણભાઈની સંમતિ તરત જ મેળવી લેવા શ્રી નંદુભાઈને કહ્યું. શ્રી રમણભાઈ તથા શ્રીમતી ધીરજબહેન સવારે ૬ વાગ્યે સ્વાગત માટે ફાજલપુર હાજર હતાં. શ્રી નંદુભાઈએ શ્રી રમણભાઈને વાત કરી, 'તમે રજા આપો તો પૂજ્યશ્રીને અહીં દેહ છોડવો છે. તમારી રજા ન હોય તો પછી સુરત આશ્રમે જઈ દેહ છોડશે.' શ્રી રમણભાઈએ કહ્યું, 'આ ઘર પૂજ્યશ્રીનું છે. એમની જેમ ઇચ્છા હોય તેમ કરે.' તે વખતે શ્રી રમણભાઈને ખ્યાલ નહિ કે આજે જ દેહ છોડશે. હંમેશની માફક તે દિવસે પૂજ્યશ્રી બધાં સાથે જમવા બેઠા નહિ. ડૉ. કાંતાબહેન સૂરણ બાફીને લઈ આવ્યાં. તેમાંથી પૂજ્ય શ્રીમોટાએ માંડ એકાદ ફોડવું ખાધું હશે.

## દેહત્યાગ

આઠેક વાગ્યે પૂજ્યશ્રીએ પોતાના ગળાની કંઠી અને કાંડાનું ઘડિયાળ શ્રી નંદુભાઈને આપીને નક્કી કરી દીધું કે આજે દેહ છોડવો છે. **શ્રી નંદુભાઈએ રજૂઆત કરી, 'આજે આવી વરસાદની હેલી છે તો ચિતા વગેરે સળગાવવામાં મુશ્કેલી પડશે. મહી નદીમાં પણ ભારે પૂર છે. બેત્રણ દિવસ રોકાઈ જાઓ તો ?' પૂજ્યશ્રીએ મક્કમ અવાજે જવાબ આપ્યો, 'અગ્નિસંસ્કાર કરવાનું ન ફાવે તો દેહને નદીમાં પધરાવી દેજો. મેં નક્કી કરી દીધું છે.' 'This is not a matter of discussion.'**

૧૧ વાગ્યે એમણે બીજા ત્રણેક પત્રો લખ્યા. તેમાં એકમાં આ પ્રમાણે લખ્યું : **'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.'** બીજા કાગળમાં એમણે **'પોતાને મદદ કરનારાઓનો આભાર માની 'ભગવાન તેમનું યશકલ્યાણ કરો.'** એવી પ્રાર્થના કરી છે. અને ત્રીજામાં પોતે જે પુસ્તકો લખેલાં તેની પાછળની પોતાની ભાવના અને પદ્ધતિને રજૂ કરી છે.

તે દિવસે જ યોગાનુયોગે શ્રી રમણભાઈના એ ફાર્મના દરવાજા માટે આરસની તકતી 'હરિસ્મૃતિ' આવી અને તે દરવાજાના સ્તંભ ઉપર લગાડાઈ. ૩ વાગ્યે હંમેશાં આવતાં હતાં એ મુજબ શ્રી રમણભાઈના પરિવારનાં સભ્યો, બાળકો વગેરે પૂજ્યશ્રીને મળવા આવ્યાં. તે બધાંને પ્રેમથી મળ્યા તો ખરા પણ ઉતાવળ કરાવીને તેમને બધાંને વિદાય કરાવડાવ્યાં. ૪ વાગ્યે તેમણે પોતાને વરંડામાંથી અંદર ઓરડામાં લેવડાવ્યા. પછી શ્રી નંદુભાઈને એકલા બોલાવી સાતેક મિનિટ વાત કરી. તે વખતે શ્રી નંદુભાઈએ કોઈ આંતરિક સાહજિક પ્રેરણા દ્વારા પૂજ્ય શ્રીમોટાને કહ્યું, 'હું તમારા પછી આશ્રમમાં જ રહીશ અને આશ્રમો સંભાળીશ.' પૂજ્યશ્રીએ આંખો દ્વારા સંતોષ પ્રગટ કર્યો. પૂજ્યશ્રીના દેહની હયાતી બાદ એકબે વર્ષમાં આ આશ્રમોનો સમગ્ર કારભાર

વ્યવસ્થિત કરી લઈ કુંભકોણમ્ આશ્રમે કાયમ માટે રહેવા જતા રહેવું. આ વાતના સંદર્ભમાં પૂજ્યશ્રી સાથેના આખરી મિલનમાં એ ધન્ય પળે શ્રી નંદુભાઈનો નિર્ણય કેવી રીતે બદલાયો અને ઓચિંતો કેમ વ્યક્ત થયો એનો સભાન ખ્યાલ શ્રી નંદુભાઈને બિલકુલ ન આવ્યો. તદ્દન સાહજિક રીતે એ બની ગયું. એમાં પૂજ્યશ્રીની કોઈ અકળ લીલા કેમ ના હોય !

શ્રી નંદુભાઈએ વાત પૂરી કર્યા બાદ અન્ય પાંચેય જણને અંદર બોલાવ્યાં. પૂજ્યશ્રીએ સૂચના આપી, 'તમારે અંદર બેસવાનું હોય તો અંદર બેસો, બહાર બેસવું હોય તો બહાર બેસો. હવે મને કોઈ બોલાવશો નહિ અને કોઈ અડશો નહિ. આ કૅથેટરને મારા શરીર ઉપરથી દૂર કરશો નહિ. એ મારી જીવનસંગિની છે.' છએ જણે પૂજ્યશ્રીની રૂમમાં બેસવાનું પસંદ કર્યું. રૂમ બંધ કર્યો અને બધાંએ પોતપોતાની રીતે હરિઃૐના જપ શરૂ કર્યા. લગભગ ૧૨ વાગ્યે શ્રી નંદુભાઈને સહજ વિચાર સ્ફુરી ગયો કે શ્રીમોટા કદાચ ૧-૩૦ વાગ્યે પ્રાણ છોડશે, રાત્રે સાડા બાર વાગ્યે ડૉ. કાંતાબહેને પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યાં. ૩૦ થી ૩૫ હતા. ૧.૧૫ વાગ્યે શ્રી રામભાઈએ સહેજ શરીરનું સ્પંદન થતું જોયું. ૧.૨૫ વાગ્યે દેહ છૂટી ગયો. શરીર ઉપર કોઈ ઉગ્ર ચિહ્ન વરતાયું નહિ. ભીષ્મ પિતામહના ઈચ્છામૃત્યુની વાત વાંચેલી પણ રોગોની બાણશય્યા ઉપર પોઢેલા પૂજ્ય શ્રીમોટાનો આ ઈચ્છામૃત્યુનો પ્રસંગ આપણી હયાતીમાં બન્યો, એ એક અનોખી ઘટના છે.

શ્રી રમણભાઈ અને ફાર્મ મૅનેજર સવારે ૪ વાગ્યે ચિતાની જગ્યા નક્કી કરી આવ્યા હતા. પાણીની સપાટી પાસે જગ્યા નક્કી કરી હતી.

### અંતિમ વિધિ

મહી નદીના પશ્ચિમ કાંઠાની ભેખડ ઉપર જ શ્રી રમણભાઈનો બંગલો અને તેની આગળ બગીચો આવેલાં છે. ત્યાંથી ઊતરવાની એક કેડી હતી. કોઈક દિવ્ય સંકેતાનુસાર બેત્રણ મહિના પહેલાં જ ૧ાા ફૂટની એ સાંકડી કેડી ૩ ફૂટ પહોળી કરી. બે માણસ જોડાજોડ સહેલાઈથી જઈ શકે એવા રસ્તારૂપે શ્રી રમણભાઈએ બનાવરાવી હતી. એટલે ફાર્મના કંપાઉંડની બહાર ગયા વિના જ સીધા નદીતટે ઊતરી શકાય એવું હતું. મૃત્યુસ્થળની તદ્દન નજીક અગ્નિસંસ્કાર કરવાના પૂજ્યશ્રીના આદેશનું આ રીતે પાલન થયું. સૂવાનાં ઍલ્યુમિનિયમના, વજનમાં હલકા ખાટલામાં પૂજ્યશ્રીના દેહને નીચે લઈ જવામાં આવ્યો. મહી નદીનું પાણી ઝડપથી ચડતું હોવાથી મૂળ નક્કી કરેલી જગ્યા બદલી થોડા ઉપરના ભાગમાં ચિતા ખડકવામાં આવી હતી.

ચિતા ઉપર દેહને સુવડાવતાં. શ્રી રામભાઈ બોલી ઊઠ્યા, 'મોટા, તો નાગાબાવાની જમાતના ગણાય. આ વસ્ત્રની પણ શી જરૂર !' એટલે દેહ ઉપર રહેલું એકમાત્ર વસ્ત્ર પણ લઈ લીધું. શ્રી રમણભાઈના હસ્તે અગ્નિદાહ દેવાયો. બે કલાકમાં તો દેહ પંચભૂતમાં ભળી ગયો. એનાં છેલ્લાં અવશેષો અસ્થિ અને રાખને ફાર્મ મૅનેજરે અને શ્રી રાજુભાઈએ પૂજ્યશ્રીના આદેશ અનુસાર મહી નદી ભેગાં કર્યાં. બે બહેનોથી સહજ ડૂસકાં ભરાયાં ત્યારે અન્ય વ્યક્તિઓ થોડી ગંભીર બની.

૯-૪૫ વાગ્યે ફાજલપુરમાં બધાં જમ્યાં. શ્રી રમણભાઈ અને શ્રીમતી ધીરજબહેન વડોદરા ગયાં. શ્રી નંદુભાઈ એકલા આશ્રમે આવ્યા. થોડીક વારમાં વાત વહેતી થઈ અને આશ્રમમાં લોકપ્રવાહ વહેવા માંડ્યો.

### આખરી આદેશનો અમલ

પૂજ્ય શ્રીમોટાએ અનેક વાર એવા શબ્દો ઉચ્ચારેલા કે 'જોજોને મારું શરીર ગયા બાદ આશ્રમને દરવાજે પૈસાનો ઢગ થઈ જશે.' આ યથાર્થ હોય તે રીતે પૂજ્યશ્રીના દેહવિલય પછી લગભગ દોઢ કરોડ જેવી રકમ આશ્રમને મળી. જે કચ્છથી માંડીને વલસાડ સુધીના તમામ જિલ્લાઓમાં તદ્દન નાનાં ગામડાંઓમાં શાળાના ઓરડાઓ બાંધવામાં વપરાઈ છે.

*('પૂજ્ય શ્રીમોટાની અંતિમ ઝાંખી' પાંચમી આ., પૃ. ૨૧ થી ૩૦)*

## ૩. પૂ. શ્રીમોટા - ગુરુના પણ ગુરુ

- ડૉ. ગૌતમ પટેલ

આપણી પરંપરામાં ગુરુનું સ્થાન ઘણું મહાન માન્યું છે. ગુરુ અને ગોવિંદ બંને સામે આવીને ઊભા હોય ત્યારે પણ ગુરુદેવની બલિહારી કે ગોવિંદનું દર્શન કરાવ્યું એમ કહી માની જાણી કે પીછાણીને ગુરુને પ્રથમ પ્રણામ કરવામાં આવે છે, અને ગોવિંદને બાદમાં. પણ સદ્‌ગુરુને પ્રાપ્ત કરવા કે પીછાણવાની તાકાત પામર જીવમાં છે ખરી ? પૂજ્ય શ્રીમોટા જ કહે છે -

**પ્રીછવા સદ્‌ગુરુને તો, તાકાત જીવની નથી**
**એવી કૈં શક્યતાયે ના, છતાં બુદ્ધિમરે મથી,**
**અથડાવાથી ત્યાં ખાલી, કશું ના હાથ આવશે**
**બાચકા ખાલી ધુમાડા, તણા આવે શું હાથ જે.**

આમ સદ્‌ગુરુને શોધવા એ જીવની તાકાત બહારનું કામ છે. પણ એ મળે છે ખરા, ક્યારે ? કહે છે કે જો જિજ્ઞાસાનો અગ્નિ પ્રદિપ્ત થશે તો ગુરુરૂપી પવન આપોઆપ વાવા માંડશે. જીવે જિજ્ઞાસા કરવાની. મારે જાણવું છે પ્રભુ માટે, ગુરુ માટે, સત્ય માટે કે સંસારના સાચા સ્વરૂપ માટે. આ ભાવ જેટલો પ્રબળ કે ઉત્કટ થશે એટલા પ્રમાણમાં કોઈકને કોઈક 'ગુરુ' તરીકે આપોઆપ મળી આવશે.

આપણા શાસ્ત્રોમાં એવું મનાય છે કે ત્રણ જન્મના સંસ્કારથી પતિ-પત્ની થવાય છે અને સાત જન્મના સંસ્કારથી ગુરુ-શિષ્ય, રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદનો અથવા પૂ. શ્રીમોટા અને પૂ. નંદુભાઈનો ગુરુ શિષ્ય સંબંધ આવો જન્મજન્માંતરનો જ હોઈ શકે. પૂ. એ.જી. ભટ્ટ સાહેબ મારા શિક્ષાગુરુ હતા અને તેઓનો પૂ. શ્રીમોટા સાથેનો સંબંધ, એમના કહેવા મુજબ, અનેક જન્મોનો અને ઈશ્વરે કરાવી આપેલો હતો.

પૂ. શ્રીમોટાના જીવનની ઘટનાઓ પણ સુવિદિત છે. એમનો એમના સદ્‌ગુરુ સાથેનો સંગમ વિનાયત્ને હતો અથવા કહો કે વર્ષાઋતુમાં વાદળ આવે, શિયાળામાં ઠંડી કે વસંતમાં દક્ષિણાનિલ વહે એવો સ્વાભાવિક હતો. એમના ગુરુ એ સમયે અને એ રીતે મળી ગયા એ માટે જો કોઈ કેમ ? શાથી ? શા માટે ? શું કરવાથી ? જેવા પ્રશ્નો કરે તો એ બાલિશ લેખાય. આગ લાગી એટલે પવન ફૂંકાય એના જેવી એ સ્વાભાવિક ઘટના છે.

એકવાર ગુરુ મળ્યા – આવી મળ્યા એટલે સમજવું કે તમારો ઘાટ એ ઘડશે. તમારે તો માટીનો પિંડ જેમ કુંભારના ચાકડે ચઢે પછી એના જુદા જુદા ઘાટ ઘડવાની જવાબદારી કુંભારની છે. માટીએ કાંઈ કરવાનું હોતું નથી. બસ આપણે પણ માટીના પિંડની જેમ સદ્‌ગુરુના હાથમાં જઈ પડવાનું છે. ઘાટ એ ઘડશે. આજે પણ મને મારા અંગત જીવનની અંદર ડોકિયું કરું તો નથી સમજાતું કે મારા ગુરુદેવ સ્વામી ગંગેશ્વરાનંદજી પાસે હજારો - લાખોની સંખ્યામાં લોકો આવતા હતા. કોઈને નહીં અને મને - આ પટેલના દીકરાને શા માટે એમણે સંસ્કૃત વિદ્યા ભણવાની પ્રેરણા આપી. મને એમના શબ્દો યાદ છે કે, 'બેટા ! એવી વિદ્યા ભણીએ કે જેનાથી આ લોક અને પરલોક એમ બંને લોક સુધરી જાય, અને આવી વિદ્યા છે સંસ્કૃત.'

પૂજ્ય શ્રીમોટા પણ લખે છે...

**ઘડ્યો સદ્‌ગુરુએ ભાવે, કેવો બનાવિયો મને**
**મૂળના રૂપથી સાવ શો પલટાવિયો હ્દે.**

આપણે પણ હૃદયથી ગુરુને પૂ. શ્રીમોટાને સમર્પિત થઈએ તો આપણને ઘડવાની — જેથી આપણા બંને લોક સુધારવાની — જવાબદારી લેવા એ તૈયાર છે. પૂ. ભટ્ટ સાહેબ ભાવાદ્ર હૃદયથી પૂ. શ્રી મોટાના શબ્દો કહેતા મેં સાંભળ્યા છે. 'ભટ્ટ સાહેબ, મેં તમારું બધું સંભાળી લીધું છે, હવે તમારે કાંઈ કરવાપણું રહેતું નથી.'

એકવાર સ્વામી રમણ મહર્ષિએ એક વિદેશી

સજ્જનને સ્પષ્ટ કહ્યું હતું કે, 'જો હું તમને મારા શિષ્ય તરીકે સ્વીકારું તો તમારો ઉદ્ધાર કરવા તમારી પાછળ પાછળ છેક નરક સુધી આવું.' બસ, ગુરુની કૃપા તે આ કહેવાય.

પૂ. શ્રીમોટા મુજબ સદ્‌ગુરુનો પણ એક ધર્મ હોય છે. તેઓ કહે છે...

**સમકક્ષ જે પોતાની એને એને શરણે જાય જે તેને બનાવવામાં છે ધર્મ સદ્‌ગુરુનો હદે.**

કહે છે કે પારસમણિ લોઢાને સ્પર્શે તો તેને સોનું બનાવે. પણ પોતાની સમકક્ષ સમાન શક્તિમાન પારસમણિ ન બનાવી શકે. એ સોનું બીજા લોખંડને સ્પર્શે તો એ લોખંડ સોનું ના બને. પણ સદ્‌ગુરુ તો શિષ્યને પોતાની સમાન કક્ષાવાળો બનાવે છે. એને પણ સદ્‌ગુરુ બનાવે જેથી એ અન્યને પણ શિષ્ય બનાવી શકે, એનો ઉદ્ધાર કરી શકે.

આવા સમર્થ ગુરુ એ કેવળ આપણી નજર સમક્ષ દેખાતું સ્થૂળ પંચ ભૌતિક શરીર નથી. એ તો ચેતનાનો તણખો છે. પૂજ્ય શ્રીમોટા મુજબ -

**ગુરુ શરીર ના માત્ર, તણખો ચેતનાનો જ છે એને શરીર જે માને, જાણ્યું ના ગુરુતત્ત્વને. શ્રીગુરુનું સાચું તે જયારે સ્વરૂપ હોય જે દ્વંદ્વાતીત ગુણાતીત કાલાતીત સ્થળાતીત તે.**

આથી તેઓ આગળ વધીને કહે છે -

**સ્થિતપ્રજ્ઞાથી ઊંચું તે બેસણું સદ્‌ગુરુ તણું અનંતાનંત ગામી તે ગતિ સ્થાન વિકાસનું એનું ના અટકે જ્ઞાન, વિકાસશીલ આપ જે ગંગા પ્રવાહની પેરે વહે છે નિત્ય નિત્ય તે.**

આમ સદ્‌ગુરુનું સ્થાન તો ગીતામાં વર્ણવેલા સ્થિતપ્રજ્ઞ કરતા પણ ઊંચું છે. એ વાસ્તવમાં વિકાસનું ગતિસ્થાન છે. એકવાર સદ્‌ગુરુને શરણે ગયા એટલે પ્રત્યેક સૂર્યોદય તમારે માટે ઉન્નતિનો પ્રકાશ લાવનાર જ બની રહે છે. પ્રશ્ન થાય કે આવા ગુરુ કેમ કરીને પમાય ? પૂ. શ્રીમોટા એનો પણ ઉત્તર આપણને આપે છે -

**જાણવું માનવું જુદું ને અનુભવવું જુદું જે અનુભવવામાં તો ખરું તત્ત્વ પમાય શું, એને અનુભવતામાં આઠે કોઠે દીવા જ છે એવું સદ્‌ગુરુનું તત્ત્વ ભક્તિ વડે પમાય છે.**

આપણા માટે ગુરુતત્ત્વ કોને કહેવાય એ વાત આપણને 'આઠે કોઠે દીવા' થાય એ રીતે પૂ. શ્રીમોટા સમજાવી રહ્યા છે. બીજા અર્થમાં 'ગુરુ' શું એ સમજાવનાર ગુરુ એવા પૂ. શ્રીમોટા આપણા માટે ગુરુના પણ ગુરુ છે. અને એમની પ્રત્યે આપણને ભક્તિ જાગે તો એ ગુરુ પણ આપણા માટે ભલે અગમ્ય હોય તો પણ ગમ્ય બને, દુર્લભ હોય તો પણ સુલભ બને, અપ્રાપ્ય હોય તો પણ પ્રાપ્ય બને અને આપણો જન્મારો સાર્થક થાય.

*('હરિઃૐ ગુંજ' એપ્રિલ-૨૦૦૫, પૃ. ૧૦-૧૧)*

**ક્ષમાપના**

પૂ. ભાઈશ્રીની કેટલીક વાતોનો લેખ ધનસુખભાઈ દ્વારા જે તે સમયે લખાયેલ અને તે હરિઃૐ ગુંજ ઑક્ટોબર ૨૦૦૬માં પૃ. ૧૪ થી ૧૬માં છપાયેલ. હરિઃૐ ગુંજનના મે-જૂન ૨૦૨૨ના અંકમાં રીપ્રિન્ટ કરવામાં આવેલ. ભાઈશ્રી નંદુભાઈના સુપુત્ર શ્રી સિદ્ધાર્થભાઈ દ્વારા સદરહું લેખના મુદ્દા નં. ૬ અન્વયે તેઓને સ્પર્શતી બાબતો અંગે રૂબરૂમાં ચર્ચા થયેલ અને જેના ખુલાસા તેઓશ્રી દ્વારા કરવામાં આવેલ કે સિદ્ધાર્થભાઈએ સ્વખર્ચે કમાયેલ રકમ તેમજ કાંતાબાના પૈસાથી મકાન ખરીદ કરેલ અને જેના આધાર દર્શાવેલ. જેથી ધનસુખભાઈએ જણાવેલ બાબતનું ઔચિત્ય રહેતું નથી. હાલમાં શ્રી ધનસુખભાઈ હયાત ન હોઈને આ બાબતે તેઓશ્રી પાસેથી પણ સ્પષ્ટતા મેળવી શકાય તેમ નથી. સિદ્ધાર્થભાઈને આ બાબતે હૃદયથી દુઃખ થયેલ તેમ જણાવેલ જેથી આ સામયિકના સંપાદક તેઓશ્રીને થયેલ દુઃખ બદલ ક્ષમાપના માંગે છે. **સંપાદક - રાજેન્દ્રભાઈ રાવલ**

પણ એ નિમિત્ત મળે ત્યારે જ બને. ગુરુમહારાજનો હુકમ હોવા છતાં, તે તમને બધાને કહું છું કે આ નંદલાલનું કુટુંબ મારી સાથે હતું. નંદલાલનો છોકરો (સિદ્ધાર્થ) સાથે હતો, હિમાલયની જાત્રાએ અને **'જીવનપોકાર'**માં લખાયેલું છે તે નિમિત્તને કારણે કેટલું કેટલું વ્યક્ત ત્યાં થયું છે, તે તમે બધા જોઈને વાંચી જજો. હજુ એટલા પ્રસંગો જ મારા જીવનની મારી જાતને કેવા પ્રકારની છે, તે પુરવાર કરવાને પૂરતા છે. તે ઉપરાંત, બીજા એવા ઘણા પ્રસંગો બનેલા છે.

આ મામાના જ પ્રસંગો ક્યાં નથી ? એમણે મને મૌનમાંથી લખેલું. હું ત્યાં હતો. મામાએ લખેલું કે 'હું દર વખતે અઠ્ઠાવીસ દિવસ, ક્યારેય પાંત્રીસ દિવસ મૌનમાં બેસું છું. એ બધાય દિવસ કંઈ ભગવાનનું નામ લેવાતું નથી અને બેળે બેળે લઉં છું.' એમ અવારનવાર લખ્યા કરે. પછી મને પણ એક વખત મામા ઉપર ગુસ્સો ચડી ગયો અને મેં લખ્યું કે **મરતી વખતે તમને યાદ રહેશે** સાહેબ. મારી પાસે મામાનો કાગળ રાખી નથી મૂક્યો. એને માટે મને ભારે અફસોસ. રાખ્યો હોત તો મને સાબિતી મળત. એમાં એમણે લખેલું કે મોટા, અત્યારે મારું શરીર હયાત છે. મારામાં લોહી ધબકે છે, મારા શરીરમાં નસો અને આ બધું કામકાજ કરે છે, સારી રીતે હું જાગ્રત છું ત્યારે અને મારે ભગવાનનું નામ લેવાનું મન હોય તોય નથી લેવાતું તો મરણ વખતે તો બધું—બધાં રોમેરોમ ઢીલાં પડી જશે, પ્રાણ જતો રહેતો હશે, તે વખતે મારાથી શી રીતે નામ લેવાશે ?

આવો કાગળ મામાએ મને લખેલો, પણ એમનાથી નામ લેવાયું છે, એને નાડી પણ ન હતી. હમણાં સુરેશભાઈનાં પત્ની સરલાબહેનને પૂછી જુઓ. દાક્તરે કહ્યું કે નાડી તો છે નહિ અને હાર્ટ તો બેસી જવાની તૈયારીમાં છે. તે પછી પણ અડધો કલાક એ ભગવાનનું નામ બોલ્યા છે. અને મરતી વખતે પણ કેટલી સ્વસ્થતાથી એમણે બધાને કહ્યું છે. ત્યારે તે કાંઈ નંદલાલની પેઠે એ (મામા) કોઈ સાધનામાં કે એકાંતમાં તો કોઈ દહાડો ગયા નથી અને એટલી બધી કોઈ ભારે પ્રકારની સાધના કરી નથી, પણ એ ભગવાનની શક્તિથી બનેલું. એ તે વખતે હાજરાહજૂર થઈને એ કામ કરેલું છે. હકીકત બનેલી છે. પ્રયોગાત્મક, પણ એ કોઈથી-આપણાથી-સ્વીકારાતી નથી. એટલે એ બતાવે છે કે આપણી ભૂમિકા નથી.

### 'હરિ' એક જન્મમાં મોટાનો ગુરુ

તે ઉપરાંત, મારું સાહિત્ય સાહેબ જુઓ. એટલું મારું લખેલું સાહિત્ય આ જાતને પુરવાર કરવા પૂરતું છે. એટલું જાણે અધૂરું હોય તેમ ગુરુમહારાજને શરૂઆતમાં મેં બેચાર કાગળો લખેલા હરિના માટે. —હરિને શું વારસો આપું ? વારસો તો જ્યારે નાનો હતો ત્યારથી આપી દીધેલો છે. કારણ કે મારે એનું ઋણ હતું. કોઈના જીવ વિશે મેં કોઈ દિવસ કહ્યું નથી કે આ બધાને મારે અને નંદલાલને શો સંબંધ ? લાલાજીને શો સંબંધ ? મેં કોઈ દિવસ વ્યક્ત કર્યું નથી. એક જ જીવની બાબતમાં મેં વ્યક્ત કરેલું છે. માત્ર, હરિની વાતમાં. **તે મારો એક જન્મમાં ગુરુ હતો,** કારણ એમ કે કોઈને માન્યામાં ના આવે. મામાએ એ હકીકત જાણેલી. બીજા કોઈના જીવનનું કહેલું નથી, પણ આપણી સાથે પરસ્પર એક નિમિત્ત ચાલ્યું જ આવે છે. તમારા બધાની સાથે મારું નિમિત્ત છે, પણ હરિનું મેં દેવું નથી રાખ્યું. ઋણ હતું મારા ઉપર. મારા ગુરુનું મારા ઉપર ઋણ હતું. એ એક કાળે મારા ગુરુ હતા. હવે મારા કૂંડાળામાંથી છટકી જવા લાગ્યા છે.

### મોટાનો આગામી જન્મ સ્ત્રીનો

મેં તો મશ્કરીમાં લાલાજી અને પ્રમીલાને કહ્યું કે

એકવીસ વર્ષની સુંદર, નવયુવાન, વૈભવવિલાસ અને રૂપથી ભરપૂર, એવી કોઈ છોકરી થઈ જઉં તો એક પળવાર, એક લટકાથી તમે તાબે સાહેબ. એક જ લટકું બસ છે. અને એટલા જ માટે **હું સ્ત્રીનો અવતાર માગું છું.** મારે કેટલાય જીવોને આ ભગવાનના માર્ગે લઈ જવા છે. આ સ્થિતિમાં મારા બેટા, એ બધા મારા સકંચામાં બિલકુલ આવે એમ નથી. એક લટકું બસ છે, પણ **છોકરાં જણનારી બૈરી થવાનો નથી.** એ વાત મારા મનથી નિશ્ચિત છે, પણ ત્યારનો જે વૈભવ અને વિલાસ—એ શરીર, એ શરીરનું સૌંદર્ય કોઈ અલૌકિક હશે. તમારી કોઈની કલ્પનામાં પણ નહિ આવે એવું હશે. ઝગારા મારતું હશે. ત્યારે માત્ર એક લટકું મારે બસ છે, પણ એ લટકાની પાછળ જે શક્તિ હશે, તે ભગવાનની શક્તિ હશે. એ મારા માટે પૂરતું છે. પણ એ શરીરથી કેટલાય જીવોને મારે ભગવાન પરત્વે ખેંચવાનું જે મારું ધર્મકર્તવ્ય છે, એ પૂરું થઈ શકે એમ છે. **એટલા માટે હેતુપૂર્વક હું સ્ત્રીનો જન્મ લેવાનો છું.**

પણ મૂળ વાત એ કે હરિનું મારા ઉપર ઋણ હતું. એ ચૂકવી દીધું છે. આ જગતમાં કોઈનું ઋણ મારા ભગવાને મારા ઉપર રહેવા દીધું નથી, પણ એક વાત ચોક્કસ છે કે આપણા દેશની સંસ્કૃતિ આવા માણસો વડે જ જીવતી રહેલી છે. આ સંતપ્રકૃતિ એક એવા પ્રકારની સંસ્કૃતિ છે કે જેની સાથેનો આપણો સંબંધ કોઈ ને કોઈ રીતે આપણને મદદ કરનારો નીવડેલો છે. હું એમ ને એમ નથી કહેતો. આ પ્રયોગાત્મક વાત છે. બાકી તો હું એકંદરે **agnostic (અજ્ઞેયવાદી) on the verge of it હતો.**

હું કૉલેજમાં બી.એ.માં ભણતો હતો, ત્યારે કાંઈ મને ભગવાન પરત્વે આવો કોઈ ભાવ ન હતો, પણ પ્રયોગો કરીને હું અનુભવની વાત કરું છું કે આ એક એવી શક્તિ છે ભાઈ, જો માનો તો સમજવા જેવી છે.

*('દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન' પ્ર.આ., પૃ. ૧૮ થી ૨૧)*

## ૫. પ્રભુને પળેપળનો સાથી કરો - શ્રીમોટા

દૃઢ સંકલ્પબળ ને ધૈર્ય સાધકના જીવનમાં શ્રીપ્રભુકૃપાથી હોવાં ઘણાં ઘણાં જરૂરનાં છે. સત્સંકલ્પની મદદ વડે કરીને નિશ્ચયબળને જીવતો કરીને, એને વધારતા રહેવાનું છે. પરંતુ કશું પણ આગ્રહ, મતાગ્રહના પરિણામે તો ન થવું ઘટે. જેમાં ને તેમાં શ્રીપ્રભુની સ્મરણભાવના કાયમ જીવતી રહેવી ઘટે. એવો સતત એકધારો જીવતો પ્રયત્ન એની કૃપાથી હૃદયમાં બન્યાં કરવો ઘટે. આપણે તો એના પર સંપૂર્ણ ભરોસો, શ્રદ્ધા, વિશ્વાસ પ્રગટાવવાનાં છે. તો જ આપણા મન, પ્રાણ ને અહં એનામાં દૃઢ ને સ્થિર થયા કરવાનાં છે તે નક્કી જાણજે. પ્રભુને જેમાં ને તેમાં બોલાવવાનું કરવું. એને પળેપળનો હૃદયનો જીવતો જાગતો બોલતો સાથી આપણે બનાવી દેવાનો રહે છે. **આ બધું કંઈ કલ્પનાથી કરવાનું રહેતું નથી, કલ્પનાથી તેમ બની પણ ન શકે. એની પાછળ તો હૃદયનું નક્કર પ્રેરણાત્મક બળ કામે લાગેલું હોવું જોઈશે.**

*('જીવનસોપાન' ત્રી.આ. પૃ. ૧૮૬-૧૮૭)*

## અંક ન મળવા બાબત

દર બે મહિનાની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે. જે અંક નોંધાયેલ તમામ ગ્રાહકોને નડિયાદ પોસ્ટ ઓફિસ દ્વારા રવાના કરવામાં આવે છે, પરંતુ કોઈક કારણોસર ગ્રાહકોને અંક મળતા નથી તેવી બાબત ધ્યાને આવેલ છે. તો સર્વે ગ્રાહકોને સૌ પ્રથમ જે તે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા વિનંતી અને તેમ છતાં જો અંક ના મળ્યો હોય તો નીચેના વ્હોટ્સએપ નંબર પર ગ્રાહક નંબર સરનામા સહિત જાણ કરવા વિનંતી. જેથી અંક સ્ટોકમાં હશે તો મોકલી આપવામાં આવશે. અંક ન મળવા બદલ દસ દિવસ બાદ જરૂરી રજૂઆત કરવા વિનંતી.

**રાજેન્દ્રભાઈ રાવલ - મો. ૯૯૭૯૪ ૦૫૨૩૧**
**પરેશભાઈ શાહ - મો. ૯૪૦૮૯ ૨૦૭૫૭**

## ૯. અનુભવીના શરીરનાં આંદોલનો આપણા અણુએ અણુમાં પ્રસરે છે. - શ્રીમોટા

જે અનુભવી છે તેનાં સમાગમથી લાભ અને લાભ જ છે. કલ્યાણ જ છે તેમાં રંક નથી. ને તમે જે કાંઈ સમજણ વગર આવતા હોય તોય તમારું કલ્યાણ છે. કારણ કે એનાં... એનાં... એનાં આંદોલનો છે. એના એમાંથી નીકળતા શરીરમાંથી અણુયે અણુમાંથી આંદોલનો નીકળે. રોમેરોમમાંથી. આજે કોઈ માનશે નહિ શાસ્ત્ર. તો વિજ્ઞાનીઓ કે કોઈ ભલે ના માને પણ આપણા અણુયે અણુમાંથી નીકળે છે કિરણો. અણુયે અણુમાંથી કિરણો નીકળે છે. મેં જાતે જોયું છે. એ પ્રયોગ પણ કરેલો છે. નીકળે ને પેસે. નીકળે ને પેસે. એક પળવારની અંદર અસંખ્યવાર થઈ જાય. ત્યારે એ બધાં કિરણો છે. એનામાંથી નીકળે છે તે આપણને સ્પર્શે છે. તે સ્પર્શે છે આપણને ખબર નથી પડતી. પણ તમારામાં ચેતન તો છે જ. અનેક સંસારી જીવો એમને ચેતન તો છે જ. એને આપણે નકારી નહિ શકીએ. ભલે જીવદશાનું છે. તે ચેતન છે તે જીવદશાનું છે કબૂલ પણ ચેતન છે ખરું. એટલે આંદોલનો ગ્રહણ કરી લે છે. પણ એ ગ્રહણ કરી લે છે. ગ્રહણ કરીને એ પરિવર્તન થાય છે જીવદશામાં. આંદોલનો તો ગ્રહણ થઈ જાય છે. એ એમને તાકાત બહારની વાત નથી કે ના નહિ લે. એ તો આપોઆપ જેમ શ્વાસોચ્છવાસ લે છે. સૂર્યનાં કિરણો મળે છે. એવી રીતે પેલાનાં આંદોલનો તો પેસી જાય છે. અંદર પણ પરિણત થઈ જાય છે. જીવદશામાં એ આપણને સમજણ પડે છે નહિ ? કારણ કે પ્રકાર એ છે. જો મથતો Soul હોય. Struggling Soul હોય તે એ બાબતમાં આગળ જતો હોય તો એમાં એને વધારે આગળ કરે. આમાં જીવદશામાં થઈ જાય છે. પણ જીવદશામાં પણ આંદોલનો મળવાથી અને વધારે વખત જો આવી સોબત રહેવાથી એ આંદોલનોથી એની સદ્‌વૃત્તિ થાય છે. સદ્‌વૃત્તિ, સદ્‌ભાવના જાગે છે. ભલે ભગવાનનું નામ લેતો નથી. ભગવાનનો ભક્ત ના થયો.

**અનુભવીના મિલન જેવું કોઈ તીર્થ નથી**

**જિજ્ઞાસુ :** એટલે એનું રૂપાંતર થવા લાગે ?

**પૂ.શ્રીમોટા :** રૂપાંતર ધીરેધીરે થાય છે. એને ખબર નથી પડતી. પણ એ સદ્‌ભાવ એનામાં જાગે છે. સદ્‌ભાવના જાગે છે. ઓ... પધારો રાવજીકાકા (હરિઃૐ આશ્રમ, નડિયાદના પ્રમુખશ્રી) ....એના જેવું બીજું કોઈ તીર્થ નથી. સાચી વાત. સાચું કહું છું. તમારા ભાઈ સાહેબ પધારે છે ભટ્ટ સાહેબ, ત્યારે બહુ ઉત્તમ પ્રકારનો સત્સંગ થાય છે. શું આપને કહેતો હતો સાહેબ ?

**જિજ્ઞાસુ :** જીવદશામાં પરિણત થઈ જાય છે પેલાં આંદોલનો.

**પૂ.શ્રીમોટા :** આ પેલા ચેતનના. અનુભવી પુરુષ છે એનાં જે આંદોલનો છે તે સંસારી જીવોને સ્પર્શી જાય છે. પણ એનું એ છે તે જીવદશાવાળા હોવાથી જીવદશાના થઈ જાય છે. પણ બહુ અગત્યનું છે. આ પોતાની મહત્તા વધારવા કહેતા હોય એવો અર્થ નીકળે એટલે હું બહુ વધારીને કહેતો નથી. મારાથી ઘણું કહેવાય એવું છે આના પર. પણ ઊંધો અર્થ લે એટલે. અને આપણાથી વ્યક્તિગત મારાથી કહેવાય એવું નથી. એટલે હું બહુ નહિ કહું. પણ સાધારણ કહીશ. ને બુદ્ધિ રેશનલી બુદ્ધિ આપણી સમજી શકે એવી રીતે.

**અનુભવીઓના આંદોલનોની અસર**

કે અનુભવી છે અને સંસારી જીવોની અંદર એનો સ્પર્શ થાય છે. એટલે એનાં આંદોલનો ત્યાં જાય છે. પણ એ જીવદશાવાળા થઈ જાય છે. જેમ વરસાદ છે એ રણમાં પડે. કાંઈ ઉત્પન્ન નહિ કરી શકે. કોઈ સરસ જમીનમાં પડે તો ત્યાં પાક ઉત્પન્ન કરી શકે.

જેવા જેવા પ્રકારની જમીન તેવા તેવા પ્રકારનો પાક ત્યાં ઉત્પન્ન કરી શકાય. વરસાદ એકનો એક જ. પણ ભૂમિકા એની જે પકડે છે તેવી રીતે પેલા જીવદશાવાળામાં પેલાના આંદોલનો જાય છે તે જીવદશામાં બની જાય છે. પણ દૂધમાં દૂધનું દહીં બને છે કે નહિ ? મેળવણ નાંખે છે તે. તેવી રીતે પેલામાં મેળવણ થાય છે. એ જાણતો હોતો નથી. પણ એ પ્રક્રિયા ચાલે છે અંદર અને એવો વધારે વખતમાં કાંઈ પણ અમસ્તું જ સાધના-બાધના કાંઈ ના કરતો હોય. માત્ર સોબત જ. સંસારના માણસોની સોબત હોય એવી રીતે. આ ભાઈ એક સારું કામ કરનાર છે. મને. મારું નામ લો ને. કશો વાંધો નહિ. આ મોટાએ એક કરોડનાં કામ કર્યાં. આ સમાજમાં આવો માણસ છે. ઓળખીતો પાળખીતો. કાંઈ મહત્તા નથી. કાંઈ પ્રતિષ્ઠા નથી. કે આ માણસે સમાજનાં સારાં કામ કર્યાં. એને કાંઈ જોઈતું નથી. કોઈ... નથી. કાંઈ રાગ નથી. સામાન્યપણે જીવે છે. હવે એની સોબત કરો. જો સોબત જ કરતા હોય પણ એનાં આંદોલનો જાય એમનામાં. પણ એ જીવદશાવાળા હોવાથી જીવદશાવાળા થઈ જાય છે. આંદોલનો પણ મેળવણ છે એ. પેલા ચેતનવાળાનાં આંદોલનો એ મેળવણ છે એનામાં (જીવદશાવાળામાં). એ મેળવણ છે એ ક્યારે દહીં થશે એ નક્કી કહેવાય એવું નથી. એ જો સાધારણ જો મથતા હોય ને એ જો મથતા હોય તો જલદી આવે. પણ સામાન્ય રીતે પોતાનો સંસાર-વ્યવહાર બધો ચલાવ્યા કરતા હોય તો પણ અમુક ગાળે એને સદ્‌ભાવ પ્રગટ્યા વિના રહેતો નથી. પેલા (ચેતનપુરુષ) પરત્વે તો પ્રગટે જ. સામાન્ય રોજ આવતા કરતા હોય સોબતને અંગે. પછી આપણે ભાઈચારો થઈ જાય. મળ્યા કરીએ ને એવું કરીએ ને ભાઈચારાને લીધે એકબીજાને મળ્યાં કરીએ. એમાંથી એકબીજા પરત્વે સદ્‌ભાવ થઈ જાય. અને એના પોતાનામાં સદ્‌ભાવ પ્રગટે છે. બીજા માટે પણ સદ્‌ભાવ પ્રગટે અને કામક્રોધાદિ પણ થોડા વખતે - થોડો વખત - થોડો કાળ એવો માત્ર એની સોબતથી - માત્ર એના સમાગમમાં રહેવાથી - કાંઈ કશું સાધન ન કરતા હો-તમે-તો પણ કામક્રોધાદિ એના ઘટે છે. સંસારી જીવના એટલે આવું મેળવણ છે. એનું, એનાં આંદોલનોનું. અનુભવીનાં આંદોલનોનું. સામાન્ય સંસારી જીવનામાં જે પ્રવેશે છે તે આવા પ્રકારનું મેળવણ છે. દૂધનું દહીં બનાવી દે છે.

આ વાત આપને માટે જે કહેવાની હતી તે કહી.

**મેળવણની ક્રિયા**

**જિજ્ઞાસુ :** પણ મારું એમ પૂછવાનું હતું એ બાબતમાં કે કોઈ ખૂબ જ તમસ-પ્રધાન છે. તમસ એનામાં પ્રધાન છે. તો પણ એ 'મેળવણથી' થશે ?

**પૂ. શ્રીમોટા :** થાય જ. પણ લાંબા ગાળાથી.

**જિજ્ઞાસુ :** હા, જી. સમજ્યો.

**પૂ. શ્રીમોટા :** માણસના ૭૦ વર્ષ થયા હોય અને ૫૫ વર્ષ સુધી એણે સત્સંગ, સોબત કરી હોય, માત્ર સોબત તો સોએ સો ટકા થાય. આ જન્મમાં નહિ Next Birthમાં સાધના કરે. જબરજસ્ત થઈ જવાના એ.

**જિજ્ઞાસુ :** અને એનામાં શક્તિ ન હોય તો પ્રગટે ?

**પૂ. શ્રીમોટા :** શક્તિ છે જ એનામાં... શક્તિ તો છે જ. એ જાણતો નથી. શક્તિ છે જ એનામાં અને પેલાનું "મેળવણ" આવ્યું છે. તે મેળવણ નાંખે ને એકદમ કંઈ દહીં થઈ જાય ? વખત લાગે છે ને ? ૨૪ કલાક લાગે છે. મેળવણ નાંખ્યા પછી.

આ તો જીવદશામાં "મેળવણ" નાંખવાનું છે. નાંખવાનું હોતું નથી. નંખાઈ જ જાય છે. મળ્યા એટલે નંખાઈ જ ગયું.... આ જન્મે જો ખરેખરા Struggle કરે, મથે Sincerely, honestly અને devotionally તો એનું પરિણામ આવે. ના મળે તો તો પરિણામ છે જ એનું. તે જે મેં કહ્યું. ૭૦ વર્ષમાં

૫૫ વર્ષ સત્સંગ કરે. સોબત કરે તો બીજા જન્મે તો એટલો બધો Volcanic aspiration એને જાગે કે આગળ કૂદકે ને ભૂસકે આગળ વધે.

મારા ગુરુમહારાજ ત્યાં સુધી કહેતા હતા (આપણને ખબર નહિ) ! કે ત્રણ જન્મમાં તો એ અનુભવી થઈ જાય. ખાલી અનુભવીની સોબતથી. કાંઈ એ સાધના-બાધના ના કરે તો પણ. પણ એ સોબત સદ્ભાવવાળી. શંકા-કુશંકાવાળી સોબત કરો તો નહિ ચાલે એમાં. તો એ લાભ નહિ મળે તેમને. ''મેળવણ'' હશે તોપણ એ લાભ નહિ મળે. સોબત તમારી સદ્ભાવવાળી જોઈએ સાથે. શંકા-કુશંકાવાળી સોબતથી ''મેળવણ'' તો પડશે પણ ''મેળવણ'' બગડી જશે. બધા ફોદા ફોદા થઈ જતા નથી ?

**જિજ્ઞાસુ :** પાણી થઈ જાય છે.

**પૂ. શ્રીમોટા :** કેટલીક વખત.

**જિજ્ઞાસુ :** હા, થઈ જાય છે. એ થતું જ નથી.

**પૂ. શ્રીમોટા :** એનું એવું થઈ જાય છે.

**જિજ્ઞાસુ :** બહુ થોડું...... ત્યારે ?

**પૂ. શ્રીમોટા :** બહુ Clear થાય. એવું કહે છે કે શંકા કુશંકાવાળું આવું થશે. તો સદ્ભાવવાળી સોબત જોઈએ.

*('જીવતા નર સેવીએ' દ્વિ.આ., પૃ. ૨૦ થી ૨૫)*

## ૭. પત્ની સાથેનો વ્યવહાર - શ્રીમોટા

**સ્વજન :** મારી પત્ની અતડા સ્વભાવવાળી છે. એકલા એકલા રહેવું ગમે છે. ઘરમાં મોં ચઢાવી ફરે છે, અને કંકાસ પણ કર્યા કરે છે. એથી મને હવે એની સાથે રહેવું ગમતું નથી. હું એને શું કહું તો એ શાંત થાય અને મને પણ શાંતિ મળે.

**શ્રીમોટા :** તારી પત્નીની બધી હકીકત જાણી. **આપણા દિલમાં એના પ્રત્યેનો જે અણગમો હોય અને જે મડાગાંઠો પડી હોય તે જ્યાં સુધી કાયમ રહે ત્યાં સુધી આપણને કદી શાંતિ થવાની નથી.** તેના પ્રત્યે પણ સદ્ભાવ કેળવીને તેને આપણા તરફથી કોઈ જાતનો અન્યાય ના થાય તે જોવાનો આપણો ધર્મ અને આપણું કર્મ બંને છે. **પરણ્યા પછીથી તેનો નિભાવ કરવો તે આપણા પોતાની અંગત જવાબદારી પણ ગણાય.** આપણાથી તેની સાથે કદી રહી જ નહિ શકાય, તેમાં આપણે પણ કારણભૂત હોઈ શકીએ ખરા. આપણે તેની સાથે સાનુકૂળતાથી રહી શકીએ તેવા હેતુવાળો સદ્ભાવપ્રેરિત ખરેખરો હૃદયનો પ્રયત્ન તો હજુ આપણે કરી તો શક્યા જ નથી. એટલે આ બાબતમાં હું તને કેવી રીતે મદદ કરી શકું ? એનું એકલાપણું એને મૂંઝવણ કરતું નહિ જ હોય તે કેવી રીતે માની શકાય ?

આ બધી બાબત કંઈ એને જણાવવાથી તેને એકદમ શાંતિ મળી જાય કે તેમાંથી મુક્તિ મળી જાય તેવું તો હાલમાં તને કશું સૂચવી શકાય તેવું લાગતું નથી. જીવનમાં જે જે કોયડાઓ ઊપજે છે તેનો નિકાલ કરવાનું કોઈ માનવી કદી યોગ્ય રીતે કરવાનું કરતા નથી.

**સ્વજન :** ખૂબ અકળાઈ જાઉં છું ત્યારે મોટે મોટેથી પ્રાર્થના કરું છું તોય ઉકેલ આવતો નથી.

**શ્રીમોટા :** માત્ર મોટા બરાડા પાડીને પ્રાર્થના કરવી કે બોલવું તે કંઈ પ્રાર્થના ના ગણાય. પ્રાર્થના એ તો દિલમાં થતા રહેતા એકધાર્યા પ્રવાહમાંથી પ્રગટતી જતી ગતિ છે. પ્રાર્થના એ જીવનના અનેક પ્રકારોના કોયડાનો ઉકેલ કરવામાં મદદકર્તા અને પ્રેરણારૂપ પણ બની શકે છે. શાંતિ અને પ્રસન્નતા પણ તેમાંથી કેળવાય છે. પ્રાર્થનાનો ભાવ ઉન્નતગામી છે. જ્યારે પ્રાર્થના કરવાથી આપણા દિલના ભાવો ઉચ્ચ પ્રકારના થતા લાગે કે અનુભવાય ત્યારે તે પ્રાર્થના સાચી.

તા. ૨૬-૭-૬૩

*('આવી મળે એ અવસર' પ્ર.આ., પૃ. ૧૮ થી ૨૦)*

## ૮. પૂજ્ય શ્રીમોટાનાં ૧૨૪મા અવતરણદિનનું સંબોધન - રાજેશ વ્યાસ (મિસ્કીન)

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટાના ૧૨૪મા જન્મદિન નિમિત્તે અમદાવાદ-ગોતા સ્થિત રાજપૂત સમાજ ભવનમાં ડૉ. રાજેશ વ્યાસ ઉર્ફે મિસ્કીને આપેલ વક્તવ્ય. શ્રી મિસ્કીન પૂજ્ય શ્રીમોટાના અનુરાગી, ભક્ત હૃદયના અને શ્રીમોટાના પ્રેમે પ્રેમથી રંગાયેલા છે. શ્રીમોટાના અક્ષરદેહે તેમને ઘડ્યા છે. ડૉ. રમેશભાઈ ભટ્ટના નિમિત્તથી શ્રીમોટાના પરિચયમાં આવેલ મિસ્કીનની શ્રીમોટા વિશેની વાતો – આ વક્તવ્ય દિલના ઊંડાણથી આવેલું અનુભવાય છે. શ્રીમોટાને સ્પર્શતી ગઝલો, શ્રીમોટા પૂરતુ મંથન અને તેનું દોહન આમ વક્તવ્યમાં જે રજૂ કરેલ છે તે સ્પર્શી જાય તેવું છે. હલબલાવી નાંખે એવું છે, ઝંઝોળી મૂકે એમ છે. વક્તવ્યનો સારાંશ (શબ્દશઃ નહીં) અત્રે પ્રસ્તુત છે. આશા છે વાચકો તેમના વક્તવ્યને માણશે. વિલંબથી પ્રસ્તુત કરવા બદલ ક્ષમાયાચના.

– રાજેન્દ્ર રાવલ

સર્વે સ્વજનોને,

હરિઃૐ

પૂજ્ય શ્રીમોટા વિશે આજે નામસ્મરણના સંદર્ભમાં કંઈક વાત કરવાની હતી, પણ મૃદુલાબહેને મને મોટા સાથેનો ફોટો આપ્યો એટલે શ્રીમોટાના ફોટા સાથે મેં મારો ફોટો પડાવી લીધો. અહીંયાં ક્યાંથી આવી ચઢ્યો તેની ખબર નથી. નીતિનભાઈ અને મુખીબહેન અહીંયા લઈ આવ્યાં. વર્ષો પહેલાં મારા જીવનમાં પણ સરસ અંગીત ચાલતું હતું. ક્યાંથી 'મોટા' ભટકાઈ ગયા એની ખબર નથી. પણ મારા જીવનનો આ પ્રથમ બનાવ.

**હવડપણું**

મારા જીવનમાં સાંઈઠેક જેટલા સદ્‌ગુરુઓ આવ્યા. તેમનો અઢળક પ્રેમ મળ્યો તે પણ સાચું. પણ સૌથી પહેલાં હચમચાવી નાખ્યો હોય અને કોઈ શબ્દએ તો 'મોટા'ના આશ્રમની અંદર એક જ વાક્યએ કે "ઘર હવડ રહેશે તો ચાલશે, માણસ હવડ રહેશે એ નહિ ચાલે." સાચું કહું તો આપણે બધાં અંદરથી હવડ છીએ. બહારથી બહુ સરસ છીએ. કોઈ સાંઈઠ વરસે તો કોઈ ત્રીસે અને કોઈ વીસ વરસે કે કોઈ પાંચ વર્ષની ઉંમરે અટકી ગયા છીએ. બહારથી ઉંમર વધ્યા કરે છે. પણ મનથી એક ઉંમરે અટકી ગયાં છીએ અને એ વર્ષથી હવડ થતાં જઈએ છીએ. એટલે મને પહેલવહેલી વાર, ઝંઝોળ્યો એ આ વાક્યે, માણસ હવડ રહે એ ના ચાલે !

**અદ્‌ભુત તાણાવાણા**

જીવનની અંદર જ્યારે જ્યારે મૂંઝાઉં ત્યારે ત્યારે હરિઃૐ આશ્રમે પહોંચી જાઉં અને ત્યારથી આટલાં વર્ષોનો હરિઃૐ આશ્રમ સાથેનો સંપર્ક બની રહ્યો છે. પહેલી વાર આશ્રમે ગયો, વળતાં રાત્રે ૧૦ વાગે ઘેર પહોંચ્યો, બારણું ખટખટાવ્યું - અને જે પિતા વર્ષોથી 'જય અંબે' બોલતા તેઓએ દરવાજો ખોલી હરિઃૐ કહ્યું ! કેવા અદ્‌ભુત તાણાવાણા !

**કેટલી મોટી વાત**

'મોટા'એ તો કહી દીધું કે I am everywhere (omnipresent) - **હું સર્વત્ર વિદ્યમાન છું.** પણ આપણે આપણી જાતને ક્યાંક somewhere માનીએ છીએ. આ આરસપહાણનો બંગલો મારો, આ BMW આપણી છે હોં ભાઈ ! આપણે આનાથી બહાર નીકળ્યા જ નથી. હવડ જ છીએ અંદરથી. આ સ્થિતિમાં નામસ્મરણની એક મજા એવી હતી કે 'મોટા'એ બહુ સરસ વાત કહી છે.

**– કે શ્રદ્ધાથી નામસ્મરણ થવું જોઈએ એ વાત ભલે સાચી હોય પણ નામસ્મરણના પ્રયોગમાંથી શ્રદ્ધા ઊગે છે એ વાત વધારે સાચી છે ! કેટલી મોટી વાત !**

**અહમ્ ઓછો થયો ખરો ?**

એક વાર નડિયાદ આશ્રમે ગયેલો. જોયું તો 'મોટા'નાં અદ્દ્ભુત ફોટાઓ. કોઈ ફોટો પારસી ટોપીમાં, કોઈ ફોટો યોગ મુદ્રામાં, કોઈ ફોટો મહેંદી મૂકાવતો ! થયું કે મારા ઘરમાં આ ફોટાઓ હોવા જોઈએ ! મારું ઘર બાપદાદા વેળાનું મોટું ઘર. આઠ નવ રૂમો. એટલે એક એક દીવાલે ચાર ચાર ફોટાઓ - પૂજ્ય શ્રીમોટાના ! પણ પછી થયું સાલું ! અહંકાર ઓછો થયો ખરો !

હમણાં અમીનસાહેબે કહ્યું કે અહીંયાં સ્ટેજ પર ચંપલ ઉતારવાના. ત્યારે થયું કે અહીંયા તો ભલભલું ઊતારવું પડે. ઊતારી જ દેવું પડે. અભરખા તો શું અહમેય ઉતારી દેવો પડે !!!

**'મોટા' તો ATOM છે**

હમણાં રામીસાહેબે મારો બાયોડેટા આપ્યો. એક જ્યોતિષીએ મારી માતાને કહેલ કે તારા છોકરાના હાથમાં ભણતરની કોઈ રેખા જ નથી. જૈન મુનિ ચિત્ર ભાનુએ જણાવેલ કે તારો છોકરો સાધુ થઈ જશે. જોકે મારી પાસે ગુજરાત યુનિવર્સિટીની નવ-નવ ડીગ્રીઓ છે. પણ પછી મને ખબર પડી કે આ બાયોડેટા તો ભૂંસવો પડે આવા લોકો પાસે જવું હોય તો ! ઊંધેથી જોઈએ તો MOTA-ATOM છે. વિસ્ફોટનું જ કામ કરે છે ! પછી તો હિમાલયની યાત્રા વેળા, સદ્દ્ગુરુ પરંપરાના એક સદ્દ્ગુરુએ સમજાવ્યું કે અણુ શું છે ? એક અણુ શું કામ કરે છે.

જાણે શીર્ષાસન કરતો હોય એમ પ્રથમ વાર પૂજ્ય શ્રીમોટા મને જુદી રીતે સમજાયા ! આપણે નામસ્મરણ કરતાં જઈએ છીએ અને આપણી અંદર સ્મરણથી વિસ્ફોટ થાય છે !!

અંદરથી કંઈ થયા ના હોઈએ. તોય આપણે કંઈક ને કંઈક બની જતા હોઈએ છીએ. મનોમન કંઈક ને કંઈક બની જતા હોઈએ છીએ. તો પછી થયું, શું બનવું છે. તો કહે કંઈ ના બનાય. તો કંઈ ના બનવું હોય તો તેના માટે ટૂંકો રસ્તો કયો ? તેમાંથી મને હરિઃૐ જડી ગયો. સૌથી ટૂંકો રસ્તો છે — આ હરિઃૐ ! હરિઃૐમાં બધા ઉપનિષદો આવી જાય છે !!!

**નામસ્મરણનું મહત્ત્વ જડ્યું :**

મારો એક મિત્ર યોગમાર્ગનો અભ્યાસી હતો. ઘણો આગળ વધી ગયેલો. સાધુ થઈ ગયેલો. એક વાર એને અકસ્માત થઈ ગયેલો. હું એને હરદ્વારમાં મળવા ગયો. પૂછ્યું કે 'આસનો-યોગ બધું ક્યાં ?' તો કહે આ સ્થિતિમાં-ખાટલામાં પડ્યા પડ્યા કશું ના થાય. બસ, એક આ નામસ્મરણ થાય !! આ ઉપરથી, મને નામસ્મરણનું કેટલું મહત્ત્વ છે તે સમજાઈ ગયું.

**અહમ્ છૂટવો જોઈએ**

પણ મજાની વાત એ છે કે અહમ્ છૂટવો જોઈએ. અહમ્ પર મને મારી પચ્ચીસ વર્ષની વયે ગઝલ સ્ફૂરેલી ! શ્રીમોટાને વિનંતી કરી !

**પછાડીનેય પાછો વાળજે,**
**જો પંથ ખોટો છે;**
**આ મારું "હુંપણું", (મોટા)**
**તવાયફનો જ કોઠો છે !!**
**રગેરગમાં રટણ પ્રગટે નહિ તો,**
**કામ શું મિસ્કીન ભલે ને તારે**
**એકે એક ઓરડે 'મોટા'નો ફોટો છે !**

હવે, આ રટણ પ્રગટી શકે ખરું ? કે પછી આ બધું ચોપડીઓમાં, પુસ્તકોમાં જ લખેલું છે. કહે છે નામસ્મરણ કરવાથી અંદરથી જાગી જવાય. પણ આ બધું સાચું છે ખરું ? કે પછી આ સંતો બધાં ખોટા છે કાં આપણે જાગ્યા નથી ?!! પણ નામસ્મરણ જગાડી શકે છે. આ એક મારો કરેલો પ્રયોગ તમે ઘેર જઈ કરી જોજો. અને એમાંથી મને ત્રીજો શબ્દ મળી ગયો — આત્મનિવેદન.

**આત્મનિવેદન**

મારા વૃદ્ધ મા-બાપ, ઘરમાં એકલો, સાધુ બની જવું હતું એટલે કામ બધાં જાતે કરતો. ઘણી વાર દુઃખો પડતાં તો સંસારમાં રહેવા માટે, સંસારમાં રહી તરવા માટે, મારા ગુરુ રમેશ ભટ્ટનાં સંપાદિત પુસ્તકોમાંથી શીખ્યો કે ખાલી થવું ! પણ કઈ રીતે

ખાલી થવું ?! એટલે સરખેજ પાસેની એકાંત જગ્યાએ જઈ બૂમો પાડતો, મારા સુખદુઃખ બધું જ **'મોટાને'** કહી દેતો. આમ, મને આત્મનિવેદન કરતાં આવડ્યું !!! એમને એટલે કે 'મોટાને' બધું જ કહેવાય ! કારણ કે તે સર્વત્ર વિદ્યમાન છે.

રમણ મહર્ષિનું સૂત્ર 'કોડમ્ તાડમ્ સોહમ્' હું કોણ છું, હું કંઈ નથી - હું એ જ છું. આપણને પહેલાં આપણે somewhere લાગીએ છીએ, પછી ખબર પડે છે કે આપણે તો NO WHERE છીએ. છેલ્લે સત્ય સમજાય છે કે આપણે તો EVERY WHERE છીએ. – આપણી આ યાત્રા છે !!!

મંત્રમાં શક્તિ છે એવી મને શ્રદ્ધા આવી ગયેલી. ઈચ્છા કરીએ અને ફળે ! (મંત્રસિદ્ધિ) પણ પછી આ જ ઈચ્છા ડખા ઊભા કરે ! એટલે થયું કે ઈચ્છા કરવી જ નહિ. જે હોય તે બધું કહી દેવું. આમ, મને 'આત્મનિવેદન' ઉત્તમ લાગ્યું.

આશ્રમે જતો. મારી પુત્રવધૂ પણ આવતી. કહેતો કે જો અહીં 'મોટા' ઉપાસના કરતા હતા. આ વડ છે. વગેરે પણ પછી જોયું કે વડ જ નથી. જો આપણે (સ્થૂળ એવો) વડ નથી બતાવી શકતા તો 'મોટા' તો ક્યાંથી બતાવી જ શકીએ ?!! અને એ છે EVERY WHERE !!! પછી મને ખ્યાલ આવ્યો કે,

**જો હું કરું 'હુંકાર' (મારો અહમ્ વધારું)**
**તો સામે રહી સંતાય તું,**

(નીતિનભાઈએ કહ્યું, મોટા સૂક્ષ્મ સ્વરૂપે હાજર છે ! અને હા છે જ !)

**અંતે જો ઓગળી જાઉં તો**
**કણેકણમાં દેખાય તું,**
**કઈ રીતે વર્ણવી મારે**
**'મોટા' તારા દર્શનની ઝલક !!**

દૃશ્ય પણ તું, અદૃશ્ય પણ તું, દ્રષ્ટા ય તું અદષ્ટાય તું, અને મારી મહીં બેસીને, જોનારો પણ તું !! એટલે જ્યારે 'મોટામય' થવાય છે ત્યારે હું ડાહ્યો થઈ જાઉં છું. અને જ્યારે 'મોટા' ના હોય ત્યારે સમજી લેવાનું કે હું ગાંડો થઈ ગયો ! આમ તો ગાંડાઓ અને સંતોમાં બહુ ફેર નથી. **ગાંડાઓની ઉપર મન ચઢી બેઠું હોય છે જ્યારે સંતો મન ઉપર ચઢી બેઠાં હોય છે !!** પણ જ્યારે આપણાં રસ્તાઓ સરળ બનતાં દેખાય ત્યારે માનવાનું કે 'મોટા' સાથે છે, 'મોટા'ની કૃપા વરસી રહી છે.

મને નડિયાદ આશ્રમથી ઘર સુધી જતાં ગઝલો સ્ફુરતી !!! જેમ કે

**સાવ જૂઠું જગત, કોઈ તારું નથી**
**મૂક મમત આ સઘળી !**
**કોણ કોનું ?! અને એ ય ક્યાં લગી ?!**
**છે બધું મનઘડત.... કોઈ તારું નથી**
**કોઈ પાદર સુધી, કોઈ ઊંબર સુધી**
**છેક સુધી સતત કોઈ તારું નથી !**
**કોઈ એકાદ જણ, એય બે ચાર પળ**
**કે અહીં હર વખત કોઈ તારું નથી !**
**જે પળે જાણશે, સોંસરો સળગશે**
**આ બધી છે રમત,**
**મૂક સઘળી મમત... કોઈ તારું નથી**

*

**'મોટા'ની નજર પડે તો**

મહત્ત્વની વાત એ છે કે મંદિરોમાં જવા માટે દર્શનના સમય હોય. પણ 'મોટા' માટે નથી. ગમે ત્યારે તેમની સામે જઈ બેસી જવાય. પ્રાર્થના કરી શકાય. અને આમાંથી મને ગઝલ જડી ગઈ.

**નિર્ધન્યનું નાણું, મોટા**
**નર્યું પ્રેમનું ગાણું 'મોટા'**
**તું જ થતો દામોદર દોશી**
**અને તું જ સાચવે ટાણું 'મોટા'**
**એ એક કવર મિસ્કીન નામનું**
**અને ઉપર સરનામું 'મોટાનું' !!**

મને આશ્ચર્ય થયું. મારી ઉપર પાંચ વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયા ! આમ, મોટાની નજર પડે તો આપણે તરી જઈએ !! માત્ર, હમણાં અમીન સાહેબે કહ્યું એમ ચંપલ ઉતારવા પડે ! - અહમ્ ઉતારવો

પડે ! મોટાની એક આ વાત મને સ્પર્શી ગઈ છે. જોકે આ વાત ક્યાંથી મળી છે તે ખબર નથી. પણ 'જાણ્યું, જોયું, સાંભળ્યું તે બધું ખોયું' તે પ્રસ્તુત છે.

એક અબુધે 'મોટાને' પૂછ્યું, મોટા ભગવાન છે ? મેં ભગવાનને જોયો નથી ! તો ભગવાન છે ? મોટાએ તેને પૂછ્યું : તું સ્ત્રી છે કે પુરુષ ? તો કહે પુરુષ. આ બધું અમર છે કે નાશવંત. તો કહે નાશવંત છે. હવે જો તું પુરુષ છે તો સ્ત્રી કોણ છે એ તને ખબર છે. જો બધું નાશવંત છે તો અમર શું છે તને ખબર છે ! બસ ! તો નામસ્મરણ કર ! કેટલી મોટી વાત !! પહેલી વાર મને સમજાયું કે 'મોટા' સાચા છે, તો આખી દુનિયા સાચી છે !! 'મોટાએ' જીવાડ્યા છે ! જીવવાની દૃષ્ટિ આપી છે !! 'મોટાએ' જીવતા કર્યાં છે !!

**મંત્રદષ્ટા-ઋષિમુનિઓ**

મંત્ર કરવાથી 'ચાર્જ' થઈ જવાય ?! તો મારા શિક્ષકે મને સમજાવેલું કે કક્કો કઈ રીતે બોલાય છે ! ઉચ્ચારાય છે ! તો અમુક શબ્દો હોઠથી, અમુક શબ્દો દાંતથી, જીભથી, ગળાથી બોલાય છે ! હવે જો 'કક્કો' આટલી બુદ્ધિથી બનાવ્યો તો મંત્રો તો કેટલી બુદ્ધિથી બનાવ્યા હશે ?! આપણા ઋષિઓ મંત્રદષ્ટા છે ! હરિઃૐ મંત્રનો આમ તો કંઈ અર્થ ના નીકળે. પણ તે મંત્રનો અર્થ બાવન અક્ષરોથી પણ આગળ છે. તે મંત્રને આપણે અનુભવવાનો છે. તે અનુભવીએ ત્યારે ખબર પડે કે તે **'સર્વત્ર વિદ્યમાન છે.'** જીવનમાં જે કોઈ સુપ્રીમ પાવર-ઇન્ટેલીજન્સ છે તેની સાથે આ સંતો જોડાયેલાં હોય છે. પછી તો 'મંત્રમાં ખેંચાણ છે આવી ગઈ શ્રદ્ધા મને' અર્થ મને સમજાઈ ગયો. તેમાંથી પસાર થયા ત્યારે મને ગઝલો જડી છે. હરિઃૐ મંત્ર જડ્યો છે.

**સાચું હોય ખરું ?**

કોક સાચવે છે આપણને ! આવું હોય ખરું ?! સાચું હોય ખરું ?!! પણ મારાં એક રોગની વાઢકાપ દરમ્યાન મને અનુભવાયું ! ભાન નહિ ને હરિઃૐ બોલાયે જાય. આ વાતના સાક્ષી મારી સાથેના હરિસિંહ બાપુ છે કે જેઓએ આ બનાવને ધ્વનિમુદ્રિત કરી રાખ્યો છે. આ મોટાની કૃપા છે ! એ આપણને સાચવે છે. આપણે શરીરમાં રહીએ છીએ પણ શરીર આપણું નથી. આ બધું સમજાવી દે આ હરિઃૐ આપણને. આ બધું સાચું હોય ખરું ! અને તેમાંથી મને તમે બધાં જડી ગયા, હરિઃૐ મંત્ર જડી ગયો, હરિઃૐ આશ્રમ જડી ગયો !

પૂજ્ય શ્રીમોટાના પુસ્તકોએ મને ઘડ્યો છે. સાચું કહું તો જાગી ગયેલા માણસના શબ્દો તો ઠીક પણ તેમનું મૌન પણ કામ કરે છે !!! જો અત્યારે મોટાની શરીર દેહે અહીં ઉપસ્થિતિ હોત તો આપણે તેમની કૃપા ઝીલતાં ઝીલતાં એમને એમ જ ટ્રાન્સમાં હોત !!

**મળેલાં જ મળે છે**

નીતિનભાઈએ હમણાં કહ્યું તે સાચું છે. હું તો સાધુ બની જવાનો હતો ! બધા સંતોને મળ્યો છું. એકવીસ વર્ષની ઉંમરે મુક્તાનંદ સ્વામીના મુખપત્ર મુક્તસુધા મુક્તાનંદનો એડિટર પણ હતો. આ અવધૂત મહારાજ જ્યારે હરિદ્વાર ગયા ત્યારે 'મોટાને' કહ્યું કે હું હવે હરિદ્વાર જઉં છું. તો 'મોટાએ' કહ્યું કે અમે તો હરિદ્વારમાં જ બેઠા છીએ ! પછી તો જઈને આશ્રમે જોઈ આવ્યો તો લખેલું વંચાયું 'હરિ-દ્વાર' !!

મને એક અદ્‌ભુત વ્યક્તિ મળ્યા હતા. જ્યોતિષી. હું એમની સેવા કરતો. એક વાર એ ગુમ થઈ ગયા. ઘણાં વર્ષો પછી મળ્યા. તેઓ કહેતા કે 'પ્રસિદ્ધિ તો પરપોટા જેવી છે'. પછી મને કહે કે તારે કંઈ જોઈએ છે ? પૂછવું છે ? મેં કહ્યું કે કશું જોઈતું નથી. પણ મને જિવાડી શકે એવું એક વાક્ય-ઉપદેશ આપો ? તેમણે મારો હાથ પકડ્યો, આંખમાં આંખ પરોવી કહ્યું, 'યાદ રાખજે, મળેલાં જ મળે છે !!' આપણે બધાં અહીં મળ્યાં, આટલો સમય મળ્યાં, ઋણાનુબંધના કારણે જ મળ્યા છીએ !!

આપે મારા જેવા ખોટા સિક્કાને આટલો સમય સાંભળ્યો તે માટે આપ સૌનો ખૂબ આભાર.

*ડૉ. રાજેશ વ્યાસ (મિસ્કીન)*

# ૯. મંત્રથી પ્રજોત્પત્તિ - શ્રીમોટા

**સ્વજન :** મોટા, આ પાંડવો મંત્રથી ઉત્પન્ન થયેલા ?

**શ્રીમોટા :** હા, મંત્રથી ઉત્પન્ન થયેલા. એટલે મહાભારતમાં જે ઈતિહાસ છે તે આજથી ઘણાં વર્ષો પછી પણ સાબિત થવાનો કે સ્ત્રી-પુરુષનાં સંભોગ વિના પણ બાળકો પેદા થઈ શકે છે. એ હકીકત ઘણાં વર્ષો પછી સાબિત થશે. જે હકીકત બની છે તેને હું સાચી માનું છું, કારણ કે એટલું બધું સંકલ્પબળ હોય છે. આજે શક્ય લાગતું નથી. પણ સાયન્સે તો શક્ય કર્યું કે વીર્યથી એ ઉત્પન્ન થઈ શકે છે. એવા પ્રયોગો આપણા દેશમાં નથી થયા પણ પરદેશમાં થયા છે - આપણા દેશમાં એને માટે કુટુંબની ભૂમિકા તૈયાર નથી. એટલે શું ? કોઈ પ્રતિષ્ઠાવાળો પૈસાદાર માણસ કરાવે તો સમાજ એનો વાંધો લે નહિ, પણ ગરીબ માણસ કરાવી શકે નહિ. એટલે એ જે જાણે કે અત્યારે શક્ય થયું છે. પણ આ તો કોઈ પણ સાધન વિના માત્ર મંત્રથી કે સંકલ્પથી પાંચ પાંડવો થયેલા. પણ એની પાછળ વ્યાસ ઋષિનું બળ હતું, એકલું કુંતીમાતાનું બળ નહિ.

કુંતીમાતા તો શક્તિશાળી બાઈ હતી. બહુ કુનેહવાળી બાઈ હતી અને એને મહાભારતમાં જે ચીતરી છે એ બૅક્ગ્રાઉન્ડ ઉપરથી બહુ મોટો ભાગ કંઈ આવતો નથી. કુંતીમાતા કાવતરામાં કે કંઈ કશામાં એ આવતી નથી. એ રાગદ્વેષથી પ્રેરાયેલી બાઈ નથી અને એણે એવી જાતની સલાહ પણ પોતાનાં છોકરાઓને આપી નથી. પોતાનાં છોકરાઓને અને પોતાની શોક્યનાં છોકરાને પણ પોતાનાં છોકરા કરતાં વધારે સારી રીતે રાખેલાં એવું દૃષ્ટાંત આ જગતમાં બહુ ઓછું જ જોવા મળશે. એ પણ એમાં સારો પૉઈન્ટ (= મુદ્દો) છે. પોતાનાં દીકરાઓ કરતાં પણ તેમના પર તેમણે વધારે વહાલ રાખ્યું એમ મહાભારત કહે છે. એ રીતે મહાભારતકારે કુંતીનું ચારિત્ર્ય બહુ મોટી કક્ષા પર મૂક્યું છે. જેટલાં ચારિત્ર્યો અંદર આવે છે એમાં આનું સારું. પુરુષમાં એકલા ભીષ્મનું. ભીષ્મના હાથે તો અન્યાયો થયેલા છે, પણ કુંતીના હાથે કોઈ પણ વાર અન્યાય થયેલો નથી. એકવાર પણ નહિ. આ તો મહાભારતે કહેલું છે. આ તો નાનપણમાં જે વિચારો આવેલા તે કહ્યા. પણ રાગદ્વેષ નીકળવા બહુ સરળ નહિ. એ રાગ અને દ્વેષ બે શબ્દ છે. રાગની અંદર કેટલા બધા આવી જાય. મોહ જે આવે તે રાગના સેક્શનમાં ને ક્રોધ ને આ બધા દ્વેષના સેક્શનમાં આવી જાય. કામ, મોહ, લોભની વાત જવા દો, કેમ કે એ જે છે એ માત્ર સ્પર્શે છે, ભેટે છે, બધું કરે છે. પણ એને ખરાબ ભાવ કે મારી નાખવાનો કે દ્વેષ કે હિંસા કે એવું એના મનમાં નહિ થાય. જ્યારે ક્રોધમાં એવું થશે. માટે શાસ્ત્રકારોએ આ બધાંનું મળીને એક જોડકું કર્યું છે — રાગદ્વેષ. આ બધાંનું મૂળ જ રાગદ્વેષ. કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર - આ બધાંનું મૂળ જ રાગદ્વેષ છે. એમ એ લોકોએ નક્કી કરી લીધું. માટે આ રાગદ્વેષને મોળા પાડો. જૈન ધર્મમાં પણ એ જ વાત મુખ્ય આવી કે આ રાગદ્વેષને મોળા પાડો અને એ છૂટે એમ કરો. એણે મૂળ વાત કરી.

જો આપણા જીવનમાંથી રાગદ્વેષ જાય તો બીજું ઘણું એની મેળે જતું રહે. તો કહે, ‘જાય શી રીતે ?’ તો ભાઈ, બધા જીવો પરત્વે સદ્ભાવ જ રાખો. કોઈના તરફ કંઈ કટુભાવ નહિ. બધાંય માટે સદ્ભાવ અને **ખાસ કરીને જેના તરફ તમને અણગમો હોય તે અણગમાવાળાને સામે જઈને તમે ભેટો. તેને જઈને અવારનવાર મળો. તેનાં કામ કરો. એ ઈચ્છે કે ના ઈચ્છે તેનો કંઈ સવાલ નથી. પણ આપણે તો આપણા માટે કરવું છે.** આ ંનદુભાઈ જ્યારે મને પહેલ - વહેલા મળ્યા, ત્યારે કહ્યું : **‘મોટા, મારે તમને ગુરુ કરવા છે.’** તો મેં કહ્યું : **‘હું કોઈને મારો**

**ચેલો બનાવતો નથી. હું ચેલો બનાવવા જન્મ્યો નથી. હું કોઈનો ગુરુ થઈ શકતો નથી. 'મારે તમારા ગાઈડન્સ નીચે રહેવું છે.'** તો મેં કહ્યું, **તો રહો.** એ વાત બરોબર છે. પણ એ પહેલાં શરત મંજૂર કરવી પડશે.' તો કહે, 'કરીશ. કઈ ?' 'જેના તરફ તમારો વધારેમાં વધારે અણગમો હોય તેને જાહેરમાં જઈને તમે પગે લાગો. સાષ્ટાંગ દંડવત્ કરો. સેવા કરો. પહેલું એ કામ કરો. જેના માટે રાગદ્વેષ તમારા મનમાં હોય-જેના સામું પણ તમે ના જુઓ તેને જાહેરમાં તમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરો. અને એની સેવા કરો. અને પછી મારી પાસે આવો.' એમણે કર્યું, સાહેબ. એની સેવાય કરી. અને પછી પેલો માણસ નંદુભાઈને ભેટ્યો. 'શાબાશ, ધન્યવાદ છે તને. તારા પર હું રાજી થયો છું.' ત્યાર પછી નંદુભાઈને મેં આ માર્ગમાં લીધા - તે સિવાય નહિ.

**રાગદ્વેષ એક એવું જોડકું છે કે જે કામક્રોધાદિને ઘટાડે છે અને કામક્રોધાદિને વધારે પણ છે.** આ સંસારમાં કટુતા પણ એ લાવે છે અને મધુરતા પણ એ પ્રગટાવે છે. 'રાગદ્વેષ મધુરતા કંઈ પ્રગટાવતી હશે ?' - એમ આપણને સવાલ થાય એ સ્વાભાવિક છે. જે રાગદ્વેષ સપૂચો ઘટી ગયેલો હોય તેવો રાગદ્વેષ જીવનમાં મધુરતા પ્રગટાવી શકે, બાકી તો નહિ. એટલે મૂળમાં તો રાગદ્વેષ કેટલી હદ સુધી કેટલું નુકસાન કરી શકે - કૌરવો પોતાના ભાઈઓને મારી નાખવા જાય છે. લાક્ષાગારમાં પૂરીને બાળીને મારી નાખવા તૈયાર થયા. તે આખું મહાભારત રાગદ્વેષનું દર્શન કરવાને માટે છે કે રાગદ્વેષ આવા છે. માટે તમે ચેતો. એ પુસ્તકને હું આ રીતે બહુ ઉત્તમ ગણું કે રાગદ્વેષનું આવું સ્પષ્ટ ચિત્ર આપણા ઈતિહાસમાં કોઈ કથાકારે આપ્યું નથી. જેથી ચેતીએ કે આ રાગદ્વેષ કેવી રીતે આપણાય જીવનને અને બીજાનાય જીવનને ખલાસ કરી નાખે છે. આ બધું મેં પેલા ઈતિહાસમાં લખેલું. ૧૯-૬-'૭૪

*('જન્મ-પૂનર્જન્મ' દ્વિ.આ., પૃ. ૧૧ થી ૧૫)*

## 'હરિઃૐ ગુંજન'ને મળેલ આર્થિક સહયોગ

| | | |
|---|---|---|
| (૧) | શ્રી પંકજભાઈ ભુદરભાઈ દલવાડી - અમદાવાદ | રૂ. ૧,૦૦૧/- |
| (૨) | સુજ્ઞશ્રી મૃદુલાબેન એમ. મુખી - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૩) | સ્વ. ઈલાબેન ભગવાનદાસ મિસ્ત્રી - અમદાવાદ | રૂ. ૫૦૧/- |
| (૪) | શ્રી જગદીશભાઈ એ. શાહ - અમદાવાદ | રૂ. ૨૫૧/- |
| (૫) | શ્રી કાન્તિલાલ પૂનમચંદ પંચાલ, હસ્તે પુષ્પાબેન - નડિયાદ | રૂ. ૨૫૧/- |

**'હરિઃૐ ગુંજન' ઉપરોક્ત સર્વે સ્વજનોને હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.**

## ગયેલા આત્માને...

૧. પૂજ્ય શ્રીમોટાના શરૂઆતના નરોડા ગામના સ્વજનના દીકરા સ્વ. રસિકભાઈ ચુનીલાલ પટેલનો નરોડા ખાતે તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.
૨. અમદાવાદ નિવાસી સ્વ. ઈલાબેન ભગવાનદાસ મિસ્ત્રીનું તા. ૨૬-૪-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.
૩. વડોદરા નિવાસી સ્વ. ધનજીભાઈ કાનજીભાઈ મિસ્ત્રી (પઢિયાર)નું તા. ૬-૧-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.
૪. નડિયાદ નિવાસી જીતુભાઈ ઠક્કરના કાકા સ્વ. બાબુભાઈ લક્ષ્મીરાય ઠક્કરનું તા. ૧૬-૫-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્માને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી આપણા સૌની હૃદયપૂર્વક પ્રાર્થના.**

## ૧૦. આવેગો કેમ જિતાય - શ્રીમોટા

પ્રાણ (આધારનું એક કરણ)ની ભૂમિકા જ્યાં સુધી જીવદશાની છે, ત્યાં સુધી ભક્તિનું સાચું સ્વરૂપ સાધક કદી પામી શકવાનો પણ નથી. તેથી પ્રાણની શુદ્ધિની પ્રથમ અનિવાર્ય જરૂર ઊભી થતી હોય છે. પ્રાણના સ્વરૂપમાં જે આવેશ, આવેગ, લાગણીઓ, ઊર્મિઓ આદિ છે, તે તો જીવદશાનાં હોવાથી જીવ તે તે જે પળે ઊઠે કે જાગે તે તે પળે તેમાં જ ભેરવાઈ પડવાનો. તે પ્રમાણે જ વર્તવાનો ને સમજવાનો. એટલે તેનાથી પર જવાની શક્તિ ક્યાંથી તે લાવી શકવાનો ? સાધકની આધ્યાત્મિક ભૂખ જો ખરેખરી ને સાચી હોય છે, ને જો તે બળવાન પણ હોય છે, તો અંતરમાંના પુરુષના તે તે કાળે સાવચેતીના સાદને તે સાંભળી પણ શકે છે, ને તેનો તે અમલ પણ કરતો હોય છે. બાકી તો પ્રાણનાં પોતાનાં આગ્રહીપણાં, આશા, ઈચ્છા, કામના વગેરે જીવ પર સવાર થયેલાં જ હોય છે.

તારી કઈ બહેનને ત્યાં પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ પધારે છે ? હું તો તારા જેવા સાધકોને જીવનવિકાસભાવે કેટકેટલું ઝંખું છે ! જેના પરત્વે આશા હોય, તેઓ ઊંચે આવી શકે તે કાજે મને તો કેટકેટલું દિલ હોય ! સંસારવહેવારથી કોઈ રીતે ગભરાવાની જરૂર નથી. ત્યાં તો મહા પરાક્રમી ને ભડવીરની પેઠે વર્તવાનું છે ને જીવવાનું છે.

"નિર્બળ કે બળ રામ."

**સાચી નિર્બળતા**

રામને પોતાનો બનાવી લેવાની કળા અહીં ભક્તકવિ સુરદાસે આપણને સહજ ભાવમાં બતાવી દીધી છે. જેનું કોઈ નથી તેનું તે છે. આપણે જો સાવ નિર્બળ થઈ જઈએ, એટલે જે તે બધું શ્રીપ્રભુને જ સોંપી દેતાં હોઈએ, કંઈ કશું જ આપણું ન હોય એમ વર્તતાં હોઈએ ને અહંતા તો જરા પણ ન હોય, સાવ શૂન્યથીયે પણ શૂન્ય હોઈએ; જો એવી દશાવાળા થઈને હૃદયમાં હૃદયથી એને જો સાદ પાડી પોકારીએ ને પ્રાર્થના કરીએ, તો તે જવાબ જરૂર વાળે છે. દ્રૌપદીનો દાખલો સમજવાને કાજે પૂરતો છે. પહેલાં તો એણે પોતાના ધણી પર આધાર રાખી એમને સંબોધ્યા, પછી બીજા વડીલોને, પછી પોતાના બધા જ બળ વડે કરીને પોતાનાં કપડાંને પકડી રહી. પ્રાર્થના તો ત્યારે પણ કર્યા કરતી હતી, પણ પ્રભુ મદદે ન આવ્યા. પોતે પોતાનાથી બનતા સકળ પ્રયત્ન કર્યા. અંતે એણે પોતે બે હાથ ઊંચા કરી શ્રીપ્રભુને પોકાર્યા. પોતાનું રક્ષણ કરવાને કાજેનું સઘળું જ્ઞાનભાન મૂકી દીધું, એને જ હૃદયની ઘા ઝંખીને પોકાર્યો, ત્યારે તે પોતે વસ્ત્રના રૂપે હાજર રહ્યો. પ્રાર્થના કરવાની કળા – 'નિર્બળ કે બળ રામ' – એમાંથી આપણને મળી રહે છે. આપણે તો જે તે બધું કરતાં રહેવાનું છે, ને તે પણ અહંતાથી મુક્ત થતાં રહી રહીને. એનો ભાવાર્થ ને હેત્વર્થ તો એ છે કે જીવથી બને તેટલો પુરુષાર્થ કરી કરીને તે છેવટના અંત સુધી તેમાં મથ્યાં કરે. ને તેમ છતાં સફળ ઉપાયો લીધા કરેલા હોવા છતાં કંઈ કારી ન ફાવે ત્યારે તે પ્રભુને મદદમાં આવવાને પોકારે. જે જીવ શ્રીભગવાનની સંપૂર્ણ શરણાગતિમાં પ્રગટી ગયેલ છે એવા જીવનાં લક્ષણ કંઈ મારા તારા જેવાં નથી હોતાં. એનું જ નામ સાચા અર્થમાં નિર્બળ કહેવાય. અંતે તો પુરુષાર્થ કરી કરીને પણ એનામાં જ ગળીને મરી જવાનું છે એટલે એના જ આધારે ઘડાતાં રહેવાનું શીખીએ એ જ ઉત્તમ યજ્ઞ છે.

*('જીવનસોપાન' ત્રી.આ. પૃ. ૧૭૧-૧૭૩)*

## ૧૧. પ્રા. એ.જી. ભટ્ટકૃત મોટાચરણે : આંતરપ્રવેશ - કાર્તિકેય ભટ્ટ

**જે પંચ કોશો થકી છે નિરાળું, ત્રણે ગુણોથી પર છે રહેલું,**
**ત્રણે અવસ્થાથી અતીત રે' છે, ત્રણેય દેહોથી વિભિન્ન જે છે. ૯૨**

**જે [આત્મતત્ત્વ] પંચ કોશો [અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય] થકી નિરાળું છે, જે ત્રણે ગુણોથી [સત્ત્વ, રજસ્, તમસ્] પર રહેલું છે, જે ત્રણે અવસ્થાથી [જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ] અતીત રે' [= રહે] છે [અને] જે ત્રણેય દેહોથી [= સ્થૂળ, સૂક્ષ્મ, કારણ] વિભિન્ન છે.**

ભટ્ટ સાહેબ દ્વારા રચિત 'મોટાચરણે'ની આ ૯૨મા શ્લોકમાં ભટ્ટ સાહેબે આત્મતત્ત્વની સમજૂતી આપવાનો અને એનાં લક્ષણોથી સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આ શ્લોકમાં તેઓએ પાંચ કોશ, ત્રણ ગુણો, ત્રણ અવસ્થા અને ત્રણ દેહોથી ભિન્ન - પર એવા આત્મતત્ત્વની વાત કરી છે. આને સમજવા માટે આપણે સમજૂતીમાં થોડોક વિસ્તાર કરવો પડશે.

**પાંચ કોશ :** [અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય] :

સ્થૂલ શરીર અન્નમય કોશ છે. કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો અને પ્રાણ એ પ્રાણમય કોશ છે. મન સાથે ઈન્દ્રિયો એ મનોમય કોશ છે. એ જ્ઞાનેન્દ્રિયો છે. અહંવિચાર એ વિજ્ઞાનમય કોશ છે. 'ઈદં' દૃશ્ય છે, 'અહં' દૃષ્ટા છે. એ બે મળીને વિજ્ઞાનમય કોશ બને છે. ગાઢ નિદ્રામાં બધા વિચારો અદૃશ્ય થતાં અજ્ઞાનમય અવસ્થા આનંદની છે. ત્યારે આનંદમય કોશ કે કારણમય શરીર પ્રવર્તે છે. ભૌતિક પ્રાપ્તિ થતાં સુખ અનુભવાય છે, કારણ કે એ સમયે એક વિચાર બીજા બધા વિચારોને દૂર કરે છે. આનંદમયકોશમાં જ આ અવસ્થા અનુભવાય છે. જાગૃતમાં નિયમ પ્રમાણે વિજ્ઞાનમય કોશ કામ કરે છે. આ કોશો છે મૂળ વસ્તુ નથી, જે એ બધાની અંદર છે. 'નેતિ નેતિ' દ્વારા 'હું શરીર નથી, હું પ્રાણ નથી, હું મન નથી, હું બુદ્ધિ નથી, અનુભૂતિનો વિષય બનનાર હું આનંદ નથી એમ પોતે આ પાંચેય કોશોથી ભિન્ન આત્મા છે એમ અનુભવવું પડે.' કૌપીનધારી શ્રી રમણ મહર્ષિને ઠંડીમાં કોઈ દર્શનાર્થીએ કોટ પહેરવા વિનંતી કરી, ત્યારે તેમણે રમૂજપૂર્ણ રીતે કહ્યું : ''આ દેહ પાંચ કોટ [કોશ]થી ગૂંગળાઈ રહ્યો છે ત્યાં બીજો વધારાનો કોટ ક્યાં પહેરવો ?''

**ત્રણ ગુણ :** [રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ] :

પાંચ મહાભૂતોમાંથી આપણું શરીર બને છે અને તેની પ્રકૃતિ ત્રણ ગુણોથી બંધાયેલી છે. આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી આ પાંચ તત્ત્વો અને તેની પાંચ તન્માત્રાઓ શબ્દ, રૂપ, સ્પર્શ, રસ અને ગંધ છે. ત્રણ ગુણોમાં રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણનો સમાવેશ થાય છે. રજોગુણમાં અત્યંત વેગ, તમોગુણમાં અત્યંત જડતા અને સત્ત્વગુણમાં નિર્મળતા રહેલી છે. પૃથ્વી અને જળનો સંબંધ તમસ સાથે, તેજ અને વાયુનો સંબંધ રજસ સાથે અને આકાશનો સંબંધ સત્ત્વગુણ સાથે રહેલો છે. આ સમગ્ર જગત આ ત્રણ ગુણોથી મોહિત થયેલું હોવાને કારણે તેનાથી પર અવિનાશી પરમાત્માને જણાયું નથી.

'ત્રિગુણમયી માયા' શીર્ષકવાળા એક લેખમાં શ્રી ભટ્ટ સાહેબ લખે છે : ''ભગવાનની અલૌકિક માયારૂપી શક્તિ તેના [ભગવાનના] યથાર્થ સ્વરૂપને ઢાંકી દઈને જગતના નામરૂપાત્મક વિષયોમાં પ્રાણીઓના મનને મોહાંધ બનાવે છે. આથી ઘણાં ખરાં પ્રાણીઓને શરીર, ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેમાં અહંબુદ્ધિ અને મમત્વબુદ્ધિ થાય છે. તેમજ સ્ત્રી, પુત્ર, ગૃહ વગેરે વિષયોને નિજનાં માને છે અને પોતાનું સાચું, સચ્ચિદાનંદ સ્વરૂપ છે તેને ભૂલી જાય છે.

વિનોબા ભાવે વ્યક્તિગત તથા સામાજિક જીવનને સમ્યક્ બનાવવા માટે આ ત્રણે ગુણોની સમતુલાને જરૂરી જણાવે છે. સત્ત્વગુણમાં અધિષ્ઠિત થતાં પહેલાં, રજોગુણ અને તમોગુણના હુમલાથી બચવા 'भक्तत्येवतु निस्तार:' ભક્તિના ટેકાની જરૂર પડે છે. સત્ત્વગુણ પણ સ્વ-રૂપની પ્રાપ્તિમાં અવરોધક છે, પરંતુ સત્ત્વગુણનું સત્ત્વગુણ દ્વારા જ શમન થાય છે અર્થાત્ સત્ત્વગુણ વધારતાં જવાનું છે.''

**ત્રણ અવસ્થા :** [જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ] :

માણસ જે અવસ્થામાં હોય છે એ મુજબનાં એનાં દર્શનો હોય છે. દાખલા તરીકે જાગૃત અવસ્થામાં સ્થૂલ શરીર, સ્થૂલ નામરૂપ જુએ છે [જે અત્યારની આપણી જાગ્રત અવસ્થા છે.], સ્વપ્ન અવસ્થામાં મનોમય શરીર સૂક્ષ્મ મનોમય નામરૂપોને — એમની વિવિધતાને જુએ છે, સુષુપ્તિમાં [સ્વપ્ન વગર પ્રગાઢ નિદ્રા] શરીર સાથેનું તાદાત્મ્ય લુપ્ત થવાથી કોઈ દર્શન હોતું નથી. એ જ રીતે અવસ્થાત્રયીથી અતીત [ચતુર્થ અથવા તુરિયા અવસ્થા] અવસ્થામાં મનુષ્ય બધાં સાથે એકરૂપ છે, તેથી ત્યાં એના આત્માથી અલગ કાંઈ હોતું નથી. માંડૂક્ય ઉપનિષદમાં કહેવાયું છે કે પરમ સત્યના દૃષ્ટિકોણથી જાગૃત અને સ્વપ્ન બન્ને અવસ્થાઓમાં કોઈ અંતર નથી.

શ્રી રમણ મહર્ષિ કહે છે કે આ બન્ને અવસ્થાઓ મિથ્યા છે. કેટલાક કહે છે કે જગત [જાગૃત અવસ્થાનું] એક તથ્ય છે, શબ્દમાત્ર નથી. મહર્ષિ કહે છે : ''તો આનો જવાબ છે મંદ પ્રકાશમાં ગોળાકાર પડેલી દોરડીમાં ભાસતા સર્પની જેમ એક અદ્વિતીય સત્ય પર કરવામાં આવેલો આરોપ છે. વારંવાર જગત [જાગૃત સ્થિતિ]નું મિથ્યાપણું જાહેર કરવા છતાં મનુષ્ય એનાથી પોતાની જરૂરિયાત સંતોષવાનું ટાળી શકતો નથી.'' ''તો પછી જગત મિથ્યા કેમ કહેવાય ?'' મહર્ષિ આની સમજૂતી આપતાં કહે છે કે મનુષ્ય પોતાની સ્વપ્નની જરૂરિયાતો સ્વપ્નનાં સર્જનો વડે સંતોષે પણ છે એના જેવું છે ત્યાં પદાર્થો છે, જરૂરિયાતો છે અને સંતોષ છે. સ્વપ્નજગત જાગૃતજગત જેટલું જ સહેતુક છે, છતાં એને સત્ય માનવામાં આવતું નથી. બધા દાખલાઓ મિથ્યાપણાની ભૂમિકાઓ દર્શાવવાનો હેતુ પૂરો પાડે છે સુષુપ્તિ [સ્વપ્ન વગરની પ્રગાઢનિદ્રા] અવસ્થા દરમિયાન માણસ પોતાના આત્મા સાથે - આત્મારૂપે હોય છે, પરંતુ તેનું તેને ભાન હોતું નથી. એમાં જો એ સભાનપણે રહી શકતો હોય [જાગૃત- સુષુપ્તિ] તો એ પોતાના સાચા આત્માસ્વરૂપે.છે.

ડિવાઈન મધરે કહેલી વાત પણ અદ્‌ભુત છે. તેઓએ કહ્યું છે : ''સામાન્ય રીતે તમે જેને સ્વપ્ન વિનાની નિદ્રા કહો છો તે બેમાંથી એક હોય છે; કાં તો તે દશામાં સ્વપ્ન આવે છે તે તમને યાદ રહેતાં નથી, અથવા તો તમે કેવળ અચેતનમાં જઈ પડો છો જે લગભગ મૃત્યુ જેવી — મૃત્યુના અનુભવ જેવી હોય છે, પરંતુ એવી નિદ્રા પણ શક્ય છે કે જેમાં તમારાં સર્વ કરણમાં નીરવતા, નિષ્ક્રિયતા તથા શાંતિ તમે અનુભવી શકો અને તમારી ચેતના સચ્ચિદાનંદમાં મગ્ન થઈ જાય. એ અવસ્થાને નિદ્રાનું નામ આપવું એ બરાબર નથી. તે ઘણી જ સચેતન હોય છે. એ સ્થિતિમાં તમે થોડી મિનિટો સુધી જ રહો, પરંતુ એ થોડી મિનિટો, કલાકો સુધીની સામાન્ય નિદ્રા કરતાં તમને ઘણો વધારે આરામ અને તાજગી બક્ષે છે, પરંતુ એ સ્થિતિ અકસ્માત નથી મળી શકતી. તેને માટે ઘણા લાંબા અભ્યાસની જરૂર પડે છે.''

**ત્રણ શરીર :** [સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર, કારણ શરીર] :

શ્રીમોટા કહે છે : ''આપણા શરીરમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણ દેહ-શરીર છે. મજ્જા, અસ્થિ, મેદ, માંસ, રક્ત તથા સ્થૂળ અને સૂક્ષ્મ ત્વચા એવી સાત ધાતુ વડે બનેલું આ સ્થૂળ શરીર છે. આ સપ્ત ધાતુઓથી સંયુક્ત સ્થૂળ શરીરમાં જ પગ, સાથળ, છાતી, હાથ, પીઠ વગેરે અંગ-ઉપાંગો રહેલાં છે. આશ્ચર્ય તો એ છે કે હું આત્મા સ્વરૂપે શરીરથી અસંગ અને ન્યારો છું. છતાં શરીરને અજ્ઞાનમાં મમભાવે મારું કહું છું અને અહંભાવથી હું મને શરીર માનું છું. આવી સમજૂતી આદિ શંકરાચાર્ય વિવેક ચૂડામણિના ૭૪મા શ્લોકમાં

આપે છે. આમ શરીરની મોહભ્રાન્તિ પેદા કરનારું સ્થૂળ દેહ સાથેનું તાદાત્મ્ય જ બંધનનું કારણ છે. વિવેક ચૂડામણિના ૯૮ અને ૯૯મા શ્લોકમાં શ્રી શંકરાચાર્ય સૂક્ષ્મ શરીરની સમજૂતી આપે છે : પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણ, પાંચ આકાશાદિ સૂક્ષ્મભૂતો ઉપરાંત મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત જેવી અંતઃકરણની ચાર વૃત્તિઓ, અવિદ્યા કે અજ્ઞાન, કામના કે ઇચ્છા, કર્મ કે ક્રિયા જેવા જીવનના આઠ નિવાસસ્થાનોને જ અત્રે સૂક્ષ્મ શરીર કહેવામાં આવ્યું છે. આખું સૂક્ષ્મ શરીર જ સ્થૂળ શરીરના મૃત્યુ પછી નવા શરીરની પ્રાપ્તિ માટે ઉત્ક્રમણ સમયે અદૃશ્ય રહીને પોતાની વાસના પ્રમાણે પૂર્વનિર્ધારિત યોનિને પ્રાપ્ત થાય છે. જીવ સાથે જનારા આ શરીરની સાથે જ તેમાં રહેલી વાસના અને સંસ્કાર પણ પ્રયાણ કરે છે. આ સૂક્ષ્મ શરીરને લિંગશરીર પણ કહે છે. આ સૂક્ષ્મ કે લિંગ શરીરને આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી જેવા મહાભૂતોનું પંચીકરણ થતાં પૂર્વે અપંચીકૃત પંચમહાભૂત કહેવામાં આવે છે. તેવા પંચમહાભૂતોથી જ સૂક્ષ્મ કે લિંગશરીર [Subtle Body]ની ઉત્પત્તિ થયેલી છે તેવું વિદ્વાનો જણાવે છે. આ સૂક્ષ્મ શરીરમાં જ મનુષ્યની સારી-નરસી સૂક્ષ્મ વાસનાઓનો સંગ્રહ થાય છે અને અંત સમયે અતૃપ્ત વાસનાઓની ભાવી તૃપ્તિ અર્થે જીવાત્મા સાથે પ્રયાણ કરે છે.

વિવેકચૂડામણિના ૧૨૨ અને ૧૨૩મા શ્લોક દ્વારા શ્રી શંકરાચાર્ય કારણ શરીરની સમજૂતી આપે છે. શ્રી તદ્રૂપાનંદજી લખે છે : ''સ્થૂળ અને સૂક્ષ્મ દેહ તો તેનું નામ શ્રવણ કરતાં જ એક પ્રકારની વિભાવના [concept] ઊભી કરે છે અને કોઈ અર્થ ગ્રહણ થાય છે, પરંતુ 'કારણદેહ' એવું શ્રવણ કરતાં કોઈ વિશેષ અર્થ પકડાતો નથી. જેમ સ્થૂળ દેહની જાગ્રત અવસ્થા તથા સૂક્ષ્મદેહની સ્વપ્નાવસ્થા છે તેમ કારણ શરીરની સુષુપ્તિ અવસ્થા કહેવામાં આવે છે. આ સુષુપ્તિ અવસ્થામાં જાગ્રત અવસ્થા જેવો સ્થૂળ પદાર્થો સાથેનો વ્યવહાર જોવા મળતો નથી. સુષુપ્તિમાં ઇન્દ્રિયો અને તેની ભોગવૃત્તિઓ શૂન્ય થઈ જાય છે અને તે મનમાં લય પામે છે. મન પોતાની શંકા-કુશંકા સાથે મનથી પર એવી બુદ્ધિમાં લય પામે છે, બુદ્ધિ મનને, ઇન્દ્રિયોને અને અંતઃકરણની તમામ વૃત્તિઓ સાથે લઈ કારણદેહ અર્થાત્ ગાઢ અજ્ઞાનમાં લય પામે છે. સુષુપ્તિની અવસ્થામાંથી [પ્રગાઢ નિદ્રા] જાગ્યા પછી વ્યક્તિ કહે છે કે મને ગાઢ નિદ્રા આવી ગઈ. તે દરમિયાન શું શું થયું એ હું જાણતો નથી. આવી અજ્ઞાનદશાને સુષુપ્તિ કહે છે. આમ કારણદેહનો અર્થ અજ્ઞાનદશા જેવો થાય છે. સ્થૂળ અને સૂક્ષ્મ શરીરોનું જન્મસ્થાન કારણદેહ છે, કારણ કે આ બન્ને અવસ્થાઓ અજ્ઞાનદશા જ છે. આમ બન્ને દેહને જન્માવનાર શરીરને 'કારણદેહ' એવું નામ આપવામાં આવ્યું.છે.

વિવેકચૂડામણિ પુસ્તકની એક આવૃત્તિની ભૂમિકા શ્રી રમણ મહર્ષિએ લખી હતી. એમાં તેઓ લખે છે : ''અત્યંત ઝીણવટભરી શોધ કે ઊંડા ધ્યાનરૂપ મનની પ્રક્રિયામાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચકોશોનાં બનેલાં ત્રણ શરીરો [સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ] એ 'હું નથી' એમ અનાત્મા ગણી ત્યાગ્યા પછી 'હું કોણ છું ?' એની સૂક્ષ્મ તપાસ કરી એ ત્રણેથી જુદા એક અને સર્વરૂપ હૃદયમાં 'હું' રૂપે સ્ફુરતા - પ્રકાશતા - આત્માને, મુંજ નામના ઘાસના દાંડામાંથી એની અંદરના કોમળ ભાગને ધીરજથી છૂટો પાડવાની જેમ વિવેકપૂર્વક [આત્માને] જાણવાના અભ્યાસનો સમાવેશ થાય છે. આ 'હું'નો વેદના 'તત્ત્વમસિ' મહાવાક્યમાં રહેતા 'ત્વં' શબ્દથી નિર્દેશ કરવામાં આવ્યો છે.'' સારરૂપે વિવેકચૂડામણિના આ શ્લોકોને ટાંકી શકાય : ''જે સ્વયં-પ્રકાશ, અન્નમય વગેરે પાંચકોશોથી જુદો અને જાગૃતિ વગેરે ત્રણેય અવસ્થાઓને જોનાર છતાં વિકાર વગરનો નિર્લેપ અને નિત્ય આનંદરૂપ છે એને જ વિદ્વાન માણસે પોતાનો શુદ્ધ આત્મા સમજવો જોઈએ.

આમ ભટ્ટ સાહેબના આ એક શ્લોકમાં કેટલું અગાધ ઊંડાણ રહેલું છે તે સ્પષ્ટ થાય છે. ***(ક્રમશઃ)***

હરિઃૐ

મારે સમાજને બેઠો કરવો છે.



હું સર્વત્ર વિદ્યમાન છું.

હરિઃૐ

સમાજ મારો ભગવાન (દેવતા) છે.

# હરિઃ ૐ આશ્રમ

## નડિયાદ

### ગુરુપૂર્ણિમા ઉત્સવની ઊજવણી

**હરિઃૐ આશ્રમ, નડિયાદ કરવામાં આવશે.**

**• પ્રથમ સેશન •**

- તા. ૧૩-૦૭-૨૦૨૨, બુધવાર
  સવારે ૭-૩૦ થી ૮-૦૦ ચા, કોફી, નાસ્તો
  સવારે ૮-૦૦ થી ૯-૦૦ પ્રાર્થના ભજન
  સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ નામસ્મરણ, આરતી, ગુરુવંદના
  બપોરે ૧૦-૦૦ થી ૧૧-૦૦ મહાપ્રસાદ

**• બીજું સેશન •**

  બપોરે ૧૧-૦૦ થી ૪-૦૦ હરિઃૐ ધૂન
  ૪-૦૦ થી ૪-૩૦ અલ્પાહાર, ચા, કોફી

- તા. ૨૩-૦૭-૨૦૨૨
  પૂજ્ય શ્રીમોટા દેહત્યાગદિન
  વર્ષ ૧૯૭૬-૨૦૨૨ (૪૬મું વર્ષ)

### પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ દિન (જન્મદિન) ઉત્સવ

**• મિલન સમારંભ •**

તા. ૧૭-૦૯-૨૦૨૨, શનિવાર તેમજ ૧૮-૦૯-૨૦૨૨, રવિવાર

**ઉત્સવના યજમાન સર્વે શ્રી**


**સ્વ. ચુનીલાલ મોહનલાલ પટેલ**
**સ્વ. કનુભાઈ ચુનીલાલ પટેલ**
**શ્રી મિતેષકુમાર કનુભાઈ પટેલ**

**સુજ્ઞશ્રી આશાબેન કનુભાઈ પટેલ**

**સ્વ. શાન્તાબેન ચુનીલાલ પટેલ**
**ગં.સ્વ. શકુન્તલાબેન કનુભાઈ પટેલ**
**અ.સૌ. રંજન મિતેષકુમાર પટેલ**

**• અગત્યની બાબત •**

હાલની પ્રવર્તમાન કોરોના મહામારી માટે સરકારશ્રી દ્વારા વખતોવખતના હુકમો તથા સૂચનો અનુસાર ઉત્સવ ઊજવવામાં આવશે. દરેક સ્વજને જવાબદારીપૂર્વક સ્વૈચ્છિક સામાજિક અંતર જાળવવું અતિઆવશ્યક છે.



# ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા!
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુ ઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં;
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના?
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા,
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના;
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા! ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના;
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

– સરોજબેન કાંટાવાલા


**(Printed Matter)**

**RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL